પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૧૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું : વિક્રમ સંવંત ૨૦૮૨ માગશર સુદ-૯ વર્ષ : ૧૬ અંક : ૨૯૪


**સુવિચાર**

''ઊંચે ઉડનારે એ વાત યાદ રાખવી જોઈએ કે, આકાશમાં ક્યાંય બેસવાની જગા નથી હોતી.''


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## જવાબદાર સરકારી વિભાગનાં અધિકારીઓ આળશ ખંખેરે

# સાવરકુંડલાથી મહુવાનો માર્ગ બનતો હોય વાહનચાલકો પરેશાન

**માર્ગમાં અનેક જગ્યાએ ડાયવર્ઝન બનાવાયા પણ ડામર પાથરવામાં આવતો નથી**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા માર્ગોનાં કાર્યથી જનતાને જ પરેશાની**

**ખેડૂતોને ખેતજણસો લઈને માર્કેટયાર્ડમાં લઈ જવામાં મુશ્કેલીઓનો કરવો પડે છે સામનો**

**નેશનલ હાઈવે અંતર્ગત બનતા માર્ગમાં અનેક પ્રકારે નિયમોનો થઈ રહ્યો છે ઉલાળીયો**





અમરેલી, તા. ૨૮

સાવરકુંડલાથી મહુવા રોડ પર હાલમાં નવો માર્ગ લંબાઈ રહ્યો છે. માર્ગ નિર્માણ કાર્ય દરમિયાન સરકારે નિયમોનું પાલન ન કરતા અનેક જગ્યાએ ડાયવર્ઝન બનાવવામાં આવ્યા છે, પરંતુ તે ડાયવર્ઝન પર ડામર પાથરવામાં આવતો નથી. પરિણામે રોજિંદા વાહન ચાલકોને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ખેડૂતોના માલવહક વાહનોને ભારે નુકસાન થઈ રહ્યાં છે.

ખેડૂત આગેવાન ચેતન માલાણી જણાવે છે કે સાવરકુંડલાનાં બાઢડા ગામથી મહુવા સુધી ચાલતા આ રોડનાં કામમાં ગંભીર બેદરકારી જોવા મળી રહી છે. નાળા અને કલ્વર્ટ પાસે ૬ થી ૯ ઈંચ સુધીના ઊંડા કડા (ખાડા) પડેલા છે. આ કડના કારણે અનેક વાહનોના ટાયર, એક્સલ તથા અન્ય પાર્ટ્સને નુકસાન થવા પામ્યું છે. રાત્રિના સમયે અંધકાર વચ્ચે આવા જોખમો વધુ ખતરનાક બની જાય છે

અનુસંધાન પાના ૬ ઉપર

## નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

# જાફરાબાદનાં છેલણા ગામે ટેન્કર હડફેટે આવી જવાથી વૃધ્ધનુ મોત

**બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી**

અમરેલી, તા. ૨૮

જાફરાબાદ નજીક આવેલ છેલણા ગામે ગત રોજ પ્લોટ વિસ્તારમાં સાયકલ લઈને જતાં નારણભાઈ રાઠોડને પાણીનાં ટેન્કર ચાલકે હડફેટે લેતા વૃધ્ધનું કમકમાટી ભર્યુ મોત નિપજેલ છે.

આ બનાવની જાણ થતાં સ્થાનીક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



## વકીલોએ જિલ્લા કલેકટર મારફત ચીફ જસ્ટીસને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલીમાં સંવિધાન દિવસની ઉજવણી વખતે મનુસ્મૃતિ પુસ્તકનુ વિતરણ થતાં રોષ

**સમગ્ર બનાવ અંગે કાર્યવાહી કરવા માંગ કરાઈ**



અમરેલી, તા. ૨૮

અમરેલીનાં વકીલોએ આજે જિલ્લા કલેકટર મારફત ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે

અનુસંધાન પાના ૬ ઉપર

## ગરીબોનાં મોંએ આવેલ કોળિયો પણ મુડીવાદીઓ ઝુંટવી રહ્યા છે

# વડિયા પંથકમાંથી સતત બીજા દિવસે રેશનિંગનાં ઘઉં અને ચોખાનો મસમોટો જથ્થો ઝડપાતા ખળભળાટ

**પુરવઠા વિભાગે અનાજનો જથ્થો અને માલવાહક રીક્ષા કબ્જે કરી**




તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

અમરેલી, તા. ૨૮

વડીયા શહેરના સદગુરૂ નગર વિસ્તારમાં પુરવઠા વિભાગ દ્વારા સસ્તા અનાજના ગેરકાયદે જથ્થા પર શરૂ થયેલી કાર્યવાહીનો સિલસિલો સતત ચાલુ છે. તાજેતરમાં પુરવઠા વિભાગ અને મામલતદાર ટીમે મળીને દરોડા દરમ્યાન સબસીડી યુકત રેશનના અનાજનો મોટાપાયે જથ્થો ઝડપી પાડયો હતો. મળતી માહિતી મુજબ આદમ આમન ફોગ નામના શખ્સે ભાડે રાખેલા બંધ મકાનમાં ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો ઘઉં અને ચોખાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

દરોડા સમયે ટીમને અંદરથી કુલ ૨૭૦ કિલો ઘઉં અને ૪૦૦ કિલો ચોખાનો કટ્ટો મળી આવ્યો હતો. સાથે જ આ સસ્તા અનાજને અન્યત્ર ખપાવવા માટે ઉપયોગમાં લેવાતી એક રિક્ષા પણ જપ્ત કરવામાં આવી હતી. તમામ મુદામાલનો અંદાજીત બજાર ભાવ લગભગ ૮૨ હજાર રૂપિયા જેટલો થતો હોવાનું પુરવઠા વિભાગે જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ સદગુરૂનગર વિસ્તારમાં એક અઠવાડિયામાં આ ત્રીજો દરોડો છે, જે દર્શાવે છે કે અહીં સબસીડી યુકત રેશનના અનાજની હેરફેરનું જાળું સક્રિય

અનુસંધાન પાના ૬ ઉપર

## અજાણ્યા ઈસમે એક ફાઈલ મોકલી નાણા ઉપાડી લીધા

# અમરેલીનાં મહિલા તબીબ સાથે રૂપિયા ૧.૬ લાખનું ઓનલાઈન ફ્રોડ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી ઓનલાઈન સાયબર ક્રાઈમના બનાવોમાં ભારે ઉછાળો આવ્યો છે. સાયબર ક્રાઈમ રોકવા માટે સરકાર દ્વારા અનેક પગલાં ભરાય રહયાં છે. તેમ છતાં પણ લોકોની બેદરકારીના કારણે આ સાયબર

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,14,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સીંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સીંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

### માર્ગ અને મકાન–રાજય વિભાગ દ્વારા

# અમરેલી જિલ્લામાં બાઢડા–રાજુલા રોડનું દૂરસ્તીકરણ : પેવર પટ્ટાથી સમારકામ શરૂ

### વાહન વ્યવહાર સુગમ બનાવવા અવિરત કામગીરી





અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન–રાજય વિભાગ દ્વારા રાજય સરકારના માર્ગદર્શન મુજબ માર્ગ મરામતની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. હાલમાં બાઢડા–રાજુલા રોડનું દુરસ્તીકરણનું કામ શરૂ છે. આ રોડનું પેવર પટ્ટાથી સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ રોડની મરામતથી વાહન વ્યવહાર સુગમ અને સરળ બનશે. મહત્વનું છે કે, અમરેલી જિલ્લામાં માર્ગોના દુરસ્તીકરણ માટે અવિરતપણે કામગીરી કરવામાં આવી રહી છે.

### મૌખિક રજુઆતો અને ટેલીફોનીક ફરિયાદ છતાં પરિણામ શુન્ય

# અમરેલીનાં હનુમાનપરામાં આવેલ ગોકુલધામ–ર સોસાયટીમાં છેલ્લા ૩ માસથી પીવાનુ પાણી મળતુ નથી

### સ્થાનિકોએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને કાનૂની કાર્યવાહી કરવાની ચીમકી આપી

અમરેલી, તા. ૨૮

અમરેલીના હનુમાનપરામાં આવેલ ગોકુલધામ–ર સોસાયટીના રહીશોએ છેલ્લા ત્રણ માસથી બંધ થયેલ પાણી પુરવઠો ચાલુ કરવા ચીફ ઓફિસરને પત્ર પાઠવી રજુઆત કરી હતી. અન્યથા કાનૂની કાર્યવાહી તેમજ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની ફરજ પડશે તેવી ચીમકી આપી હતી.

અમરેલીના હનુમાનપરા રોડ પર આવેલ ગોકુલધામ ર સોસાયટીના રહીશોએ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર પાઠવી આ વિસ્તારના રહીશોના ઘરોમાં છેલ્લા ત્રણ માસથી નગરપાલિકાનો પાણી પુરવઠો બંધ હાલતમાં છે. પાણી ન મળવાથી રોજિંદા જીવનમાં ભારે તકલીફો ઉભી થઈ રહી છે. અનેક વખતની મૌખિક રજુઆતો તેમજ ટેલીફોનીક ફરીયાદો છતા કોઈપણ અધિકારીઓ કે પદાધિકારીઓ દ્વારા આ બાબતે કોઈ અસરકારક પગલાં લેવામાં આવેલ નથી.

અનેક રજુઆતો છતા કરવાં છતાં આજદિન સુધી કોઈપણ અધિકારી દવારા અત્રેના વિસ્તારની મુલાકાત લેવામાં આવેલ નથી. અને દર વખતે એક બે દિવસમાં સમસ્યાનુ નિરાકરણ આવી જશે. તેવા ઉડાઉ જવાબ આપવામાં આવી રહયા છે. આ વિસ્તારના રહિશો નિયમિત કનેકશન ધરાવતા હોય અને નિયમિત રીતે વેરાઓ પણ ભરતા હોય તેમ છતા હાલમાં પાણી માટે ખાનગી વોટર સપ્લાયરના ટાંકાઓ પર નિર્ભર રહે છે.

આ વિસ્તારમાંને બાદ કરતા તમામ જગ્યાએ પાણીનો પુરવઠો વ્યવસ્થિત રીતે કાર્યરત છે. વધુ સમય સુધી આ પરિસ્થિતિ જળ વાઈ રહેશે તો રહીશોએ કાનૂની કાર્યવાહી તેમજ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની ફરજ પડશે તેવી ચીમકી આપી હતી.

# હે રામ : ધારીનાં ફતેગઢ ગામનાં ખેડૂતે અપુરતા ભાવથી ડુંગળી પર ફેરવ્યુ રોટાવેટર

### ૧ વિઘે થતો ખર્ચ પણ મળી શકતો નથી





અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાનાં ખેડૂતો કમોસમી વરસાદ અને ખેતજણસોનાં પોષણક્ષમ ભાવો ન મળતા હોવાથી દેવાના બોજ તળે કચડાઈ રહયા છે. અને ખેડૂતો લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ ખેતજણસાનો ભાવ ન મળે તો નાસીપાસ થઈને ખેતજણસનો નાશ પણ કરી નાખતા હોય છે.

ધારીના ફતેગઢ ગામનાં રાજેશભાઈ દવે એ ૬ વિઘા જમીનમાં ડુંગળીનુ વાવેતર કર્યુ અને ભાગીયાને જવાબદારી સોંપી અને ૧ વિઘે ૨૦ થી ૩૦ મણ નો ઉતારો આવ્યો અને ૧ વિઘે ખર્ચ પણ એક થી દોઢ લાખ થયો પરંતુ બજારમાં ડુંગળીનો ભાવ મળતો ન હોય મજુરી પણ નીકળે તેમ ન હોય તેઓએ અંતે ડુંગળી ઉપર રોટાવેટર ફેરવી દીધુ હતુ.

# અમરેલી : એલસીબીએ ચોરીના બાઈક સાથે એક ઈસમને પકડી લીધો



અમરેલી, તા. ૨૮

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ આજે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન મળેલ બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામે રહેતા નિલેશ ભુપતભાઈ મોઢવાડીયા નામના ઈસમને શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી પાડી, મોટર સાયકલ અંગે પુછપરછ કરતા અને ટેકનીકલ રીતે ખરાઈ કરતા, આરોપી પાસેથી મળી આવેલ મોટર સાયકલ નં. જી.જે.૦૫.યુ.ડી.૮૦૫૬ કિંમત રૂપિયા ૯૧,૫૦૦ સુરત જિલ્લાના લસકાણા ગામ, પરમ રેસીડન્સીના પાર્કિંગમાંથી આશરે ચવુદ દિવસ પહેલા રાત્રીના ચોરી કરેલ હોવાની હકિકત જણાય આવેલ હતી આમ સુરત શહેરના લસકાણા પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બગસરા પંથકમાં રહેણાંક બંધ મકાનમાં ચોરી કરનાર ૧ ઈસમની અટકાયત

### ચલાલા–ધારી પંથકમાં થયેલ ચોરીનો પણ ભેદ ખુલ્યો





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮

બગસરા ગામે રહેતા ધરવભાઈ ચેતનભાઈ કોટીયા ગત તા. ૧૧/૧૧/૨૫ ના રોજ પોતાના મકાનના દરવાજે તાળુ મારી રાજકોટ ગયેલ હોય. તે રાત્રી દરમ્યાન અજાણ્યા કોઈ ચોર ઈસમે રહેણાંક બંધ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમનુ તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટની તિજોરીમાં રાખેલ રોકડ રકમની ચોરી કરી લઈ ગયેલ હોય જે અંગે ગુન્હો દાખલ થયેલ હતો.

તેમજ ગઈ તા. ૧૧/૧૧/૨૫ ના રોજ બગસરા ગામે રહેતાં મુનીરભાઈ મહમદહુસેન ત્રવાડી પોતાની દુકાન પારસ પ્રોવિજન સ્ટોર સાંજે બંધ કરી પોતાના ઘરે ગયેલ હોય તે દરમ્યાન અજાણ્યા ચોર ઈસમે દુકાનનું તાળુ તોડી શટર ખોલી બંધ દુકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રોકડ રકમની ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગેની પણ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ બગસરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હતો.

પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ ટીમ દ્વારા ઘરફોડ ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે સી.સી.ટી.વી. કેમેરાની મદદથી સઘન તપાસ કરી સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્કસ બાતમીના આધારે શિહોરના નવાપરામાં રહેતાં આરોપી વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણાને મોટર સાયકલ નં. જી.જે.–૦૪ એફબી– ૬૪૭૩, ચકરડી પાનું તથા લોખંડનો સળીયો તથા રોકડ રકમ રૂપિયા ૧૨,૦૦૦ સાથે ઝડપી લઈ બગસરા, ચલાલા તથા ધારી પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના કુલ ચાર ગુન્હાઓ ડિટેકટ કરી આરોપીને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે આશરે ૫૦ જેટલા ગુન્હામાં સંડોવાયેલ રીઢા આરોપીને બગસરા પોલીસની સર્વેલન્સ ટીમે ગણતરીના દિવસોમાં પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઝડપાયેલ આરોપીએ આજથી આશરે પંદર દિવસ પહેલા બગસરા ટાઉનમાં આવેલ પારસ પ્રોવીઝનલ સ્ટોરનું શટરનું તાળું તોડી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે દસેક–પંદર દિવસ પહેલા બગસરા ટાઉનમાં આવેલ એક બંધ મકાનનું તાળું તોડી રોકડ રકમ તથા ચાંદીના સિક્કાની ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે બે મહિના પહેલા ચલાલા ટાઉનમાં આવેલ બે બંધ દુકાનોના શટરના તાળા તોડી રોકડ રકમ તથા સીસીટીવી કેમેરાના ડીવીઆરની ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે બે મહિના પહેલા ધારી ટાઉનમાં આવેલ નીલેષ બૂક સ્ટોર, શ્યામ એગ્રો, કાલાણી ટ્રેડર્સ તથા ચામુંડા સેલ્સ નામની ચાર બંધ દુકાનોના શટરના તાળા તોડી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે પંદર દિવસ પહેલા બગસરા ટાઉનમાં આવેલ એક બંધ બ્યુટી પાર્લરની દુકાનનું તાળું તોડી રોકડ રકમ ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે બે મહિના પહેલા બગસરા ટાઉનમાં આવેલ અકીલ ટ્રેડર્સ નામની દુકાનનું તાળું તોડી રોકડ રકમ ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે એક મહિના પહેલા બાબરા ટાઉનમાં આવેલ કૃષ્ણ સાબુ સ્ટોર નામની દુકાનનું તાળું તોડી રોકડ રકમ ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે એક મહિના પહેલા બરવાળા ટાઉનમાં મેઈન આવેલ એક દુકાનનું તાળું તોડી રોકડ રકમ ચોરી કરેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.

# અમરેલી : રેલ્વે અધિકારીઓ સાથે સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨૮


સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં રેલ્વે વિભાગના DRM ભાવનગર તથા રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં અમરેલી લોકસભા વિસ્તારના રેલ્વે સંબંધિત વિકાસ કાર્યો, સુવિધાઓનો વ્યાપક સમીક્ષા તથા આવનારા સમયમાં કરવાની પ્રક્રિયાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી.

બેઠક દરમિયાન સાંસદએ મુસાફરોને વધુ સગવડો મળે તે માટે સ્ટેશન વિકાસ, નવી ટ્રેન સેવા, પ્લેટફોર્મ વિસ્તરણ, સ્વચ્છતા અને સુરક્ષા જેવી પ્રાથમિક બાબતો પર ખાસ ધ્યાન આપવા સૂચના આપી તેમજ અમરેલીથી અમદાવાદ દૈનિક ટ્રેન વહેલાસર શરૂ થાય તથા અમરેલીથી સુરત–મુંબઈ ટ્રેન શરૂ કરવા માટે રેલ્વે અધિકારીઓને સુચના આપી. અમરેલીથી ચલાલા–ધારી–સોમનાથ ટ્રેનના રેલ્વે લાઈનનું કામ વહેલાસર પૂર્ણ કરી ટ્રેન શરૂ થાય તે માટે જરૂરી પગલા લેવા જણાવ્યું, સાવરકુંડલા શહેરી વિસ્તારમાં માર્કેટયાર્ડ પાસે આવેલ ફાટક પહોળું કરવા તેમજ જેસર રોડ પર આવેલ હોસ્પીટલમાં લોકોને સમયસર સારવાર મળી શકે તે માટે અન્ડરબ્રીજ બનાવવા સુચના આપી. ભાવનગર–વડિયા–પોરબંદર ચાલતી ટ્રેનમાં ૭ ના બદલે ૧૦ કોચ કરવા ભલામણ કરી.અમરેલી જીલ્લાના તમામ રેલ્વે સ્ટેશનો પર સી.સી.ટી.વી. કેમેરા લાગે તે માટે સુચના આપી.

અધિકારીઓ દ્વારા અમરેલી જીલ્લામાં ચાલતાં તમામ પ્રોજેકટસની હાલની પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી અને નિર્ધારિત સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવાની ખાતરી આપી. વધુમાં સાંસદ દ્વારા આપવામાં આવેલ સૂચનોને ધ્યાને લઈ સ્થળ તપાસ કરી હકારાત્મક કાર્યવાહી કરવા બાહેંધરી આપી. સદરહુ બેઠકમાં રેલ્વેના ઉચ્ચઅધિકારીઓ તથા સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતાં.

# કોલંબો ખાતે ICAAPની પ્રાદેશિક સભામાં ઉપસ્થિત રહેતા મનીષ સંઘાણી





અમરેલી, તા. ૨૮

શ્રીલંકા કોલંબો ખાતે શ્રીલંકા રાષ્ટ્રીય સહકારી પરિષદ (NCCSL) સહકારી વિકાસ વિભાગ (DCA), SANASA ફેડરેશન લી. અને માતાટા જિલ્લા સહકારી હોસ્પિટલ સોસાયટીના સંયુકત ઉપક્રમે તા. ૨૪/૧૧/૨૦૨૫ થી તા. ૨૮/૧૧/૨૦૨૫ સુધીના ૧૭ મી ઈન્ટરનેશનલ કો ઓપરેટીવ એલાઈન્સ એશિયા અને પેસેફિક (ICA-AP) પ્રાદેશિક સભામાં આઈ.સી.એ.ના અધ્યક્ષ એરિયલ ગુઆર્ક, ICA-APના અધ્યક્ષ ડોક્ટર ચંદ્રપાલ સિંઘ યાદવ, કૃભકોના અધ્યક્ષ વી. સુધાકર ચૌધરી, નેશનલ ફેડરેશન ઓફ સ્ટેટ કો–ઓપરેટીવના અધ્યક્ષ લાલનુ સન્ગ જી, ઈફકોના એમ. ડી. કે. જે પટેલ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી અગ્રહોની સાથે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી શ્રીલંકા કોલંબો ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં પી.સી.પી.એન.ડી.ટી એક્ટ વિશે જાગૃતિકરણ, બેટી બચાવો બેટી પઢાવો, સંદેશ

અમરેલી, તા. ૨૮


અમરેલીમાં નર્સિંગ કોલેજ ખાતે પી.સી.પી.એન.ડી.ટી અંગે જનજાગૃતિ વ્યાપક બનાવવા અને બેટી બચાવો, બેટી પઢાઓના સંદેશને પ્રસરવવા સેમિનાર યોજાયો હતો.

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયાના અધ્યક્ષ સ્થાને આયોજિત આ સેમિનારમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણજારીયા દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જયારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઆર.એમ.જોશીએ પીસીપીએનડીટી એક્ટની કાયદાકીય જોગવાઈઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

એસ. એફ. એલ. મિનાક્ષીબેન મકવાણા દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ, ભારવીબેન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર અને રોશનીબેન મચ્છર દ્વારા મહિલા સહાયતા કેન્દ્રની કામગીરી અંગે જાણકારી આપી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા દ્વારા પ્રેરણાદાયી સંબોધન કર્યુ હતું.

આ તકે અમરેલી તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન નિકુલભાઈ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પ્રવીણભાઈ ચાવડા, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ મોસીન સહિત જુદા જુદા વિભાગના અધિકારી– કર્મચારી અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીનીઓ અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં કચેરી અધિક્ષકે આભારવિધિ કરી હતી.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાનાં વિદ્યાર્થીઓની ISRO-GUJCOST પ્રોગ્રામમાં ગૌરવપૂર્ણ પસંદગી



અમરેલી વિદ્યાસભા સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનહેઠળવિજ્ઞાનઅનેસંશોધનક્ષેત્રે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા સતત પ્રયાસથાયછે.SpaceAPPlications Centre (SAC) -ISRO Ahmedabad તથા GUJCOST, Gandhinagarદ્વારાસંયુકતરીતે૧૫ થી ૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન આયોજિતGujsac-BHAVIKA-Space science AWarenss Programmeમાંઅમરેલીજિલ્લાના૩ વિદ્યાર્થીઓનીપસંદગીથઈહતી.આમાંથી સંસ્થાના ૨ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પસંદગી થયેલ ગૌરવની બાબત છે. ગુણા આયુષ –ચંપાબેન વસંતભાઈ ગુજરાતી માધ્યમ, ધોરણ૯, ભૂકનઅનિરૂદ્ધ–જ્ઞાન શક્તિરેસિડેન્શિયલસ્કૂલઓફએક્સેલન્સ, પ્રમુખએબંનપ્રતિભાશાળીવિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આવાઅવસરવિદ્યાર્થીઓમાંવિજ્ઞાનઅને અવકાશક્ષેત્રે નવીદિશાઅનેપ્રેરણાઆપે હાંસલકરવાશુભેચ્છાઓપાઠવીહતી.આ પ્રતિષ્ઠિતકાર્યક્રમમાંથયેલીવિદ્યાર્થીઓની પસંદગી સમગ્ર વિદ્યાસભા પરિવાર માટે ગૌરવછે.ત્યારેસંસ્થાનાપ્રમુખવસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈધાનાણી, એમ.કે.સાવલીયા, કેમ્પસડાયરેકટરવસંતભાઈ પેથાણી, પ્રિન્સીપાલઓ તેમજ તમામ સ્ટાફ દ્વારા બંને બાળ–વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યાહતા.

### ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યુ ખાતમુર્હત

# લાઠીનાં ભાલવાવ ગામે રૂપિયા ૯૦ લાખનાં ખર્ચે પુલનુ નિર્માણ કરાશે

### સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૮

લાઠી તાલુકાના ભાલવાવ ગામમાં ગામજનોની લાંબા સમયથી ચાલતી આવી રહેલી મુળભૂત માંગને પૂર્ણ કરતાં ગામના વિકાસને ગતિ આપવા માટે રૂ. ૯૦ લાખના ખર્ચે બનનારા પુલ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત્ રીતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે યોજાયું.

આ પુલ ભાલવાવ સહિત આસપાસના અનેક ગામોને એકબીજા સાથે સુગમતાથી જોડવાનો મુખ્ય માર્ગ બની રહેશે. વર્ષો સુધી વરસાદી મોસમમાં અવરજવર મુશ્કેલ બનતી હતી, ખેતી ઉત્પાદનના પરિવહનમાં મુશ્કેલી પડતી હતી તેમજ વિદ્યાર્થીઓ માટે શાળા કોલેજ સુધી પહોંચવું મુશ્કેલ બનતું હતું. પુલના નિર્માણથી ગ્રામજનોને સુરક્ષિત અને સરળ અવરજવર, ખેડુતોને પાક અને માલસામાનના ઝડપી પરિવહનમાં સુવિધા, વિદ્યાર્થીઓ અને કામદારોને દૈનિક મુસાફરીમાં રાહત, નજીકના બજારો, હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે વધુ જોડાણ જેમના કારણે સમગ્ર વિસ્તારમાં વિકાસના નવા દ્વાર ખુલશે.

સમારંભમાં ઉપસ્થિત ગામજનોનેસંબોધતા ધારાસભ્યએજણાવ્યું કેરાજ્યસરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. મૂળભૂત સુવિધાઓ, માર્ગવ્યવસ્થા, પીવાનું પાણી, ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિ અને જાહેર સેવાઓ આ બધું સુલભ કરવાનું સરકારનું મુખ્ય ધ્યેય છે.

તેમણે વધુ ઉમેર્યું કે ભાલવાવ ગામે આગામી વર્ષોમાં અનેક વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે અને આજે શરૂ થયેલો પુલ નિર્માણનો પ્રોજેક્ટ ગામના વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સભ્ય, ગામના સરપંચશ્રી, ગામના આમેવાનો, કાર્યકર્તાઓ, ગ્રામજનો, યુવકો, વરિષ્ઠ નાગરિકો, સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા. હાજર ગ્રામજનોએ આ વિકાસ કાર્યોને હર્ષભેર આવકાર્યા અને ધારાસભ્યના પ્રયત્નોની પ્રશંસા કરી.

# બાબરામાં વહેલી સવારે ધુમ્મસ છવાયુ, ગુલાબી ઠંડીનો સૌ કોઈએ અનુભવ કર્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરામાં વહેલી સવારે ધુમ્મસ છવાયા જતા ગુલાબી ઠંડીનો અનુભવ અહીં ચાલવા નીકળતાં લોકોએ કર્યો હતો અને રોડપર વિઝીબિલિટી ઘટતા પસાર થતા વાહન ચાલકોને વાહન ચાલવાનું મુશ્કેલ બન્યું હતું. મોડે સુધી ધુમ્મસ રહ્યું હતું. આગામી દિવસોમાં ઠંડીનું જોર વધશે.

# દામનગર ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો

દામનગર, તા. ૨૮

ગાયત્રી મંદિર દામનગરમાં વિનામૂલ્યે ૭૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાઈ ગયો. ૮૬ દર્દીઓની આંખની તપાસ કરાઈ. ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા. સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ આંખની હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલ કેમ્પમાં ૮૬ દર્દીઓની આંખની તપાસ કરવામં આવેલ. અને ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે લઈ જવામાં આવેલ. સેવા આપનાર ડોકટર સાથેનાં કર્મચારીઓ અને સ્વયં સેવકોનો આભાર માનવામાં આવેલ.

### એસઆઈઆર પ્રક્રિયાએ કંઈકને દોડતા કર્યા

# વીજપડીમાં અનેક મતદારોનાં નામ ૨૦૦૨ની યાદીમાંથી ગાયબ થઈ ગયા

### ગામના અગ્રણીનુ નામ જ ગોત્યુ જડતુ નથી

અમરેલી, તા. ૨૮

ચુંટણીપંચ દ્વારા એસ.આઈ.આર. અંતર્ગત જે ફોર્મ ભરવા માટે મતદારોને આપવામાં આવ્યા છે તે ફોર્મનાં ૨૦૦૨ની મતદારયાદીમાં જો નામ હોય તો તે અંગેની પણ માહિતી આપવાની હોય છે. પરંતુ ૨૦૦૨ની મતદાર યાદીમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય તેવી વિગતો બહાર આવતાં કેટલાક જાગૃત મતદારો ચોંકી ઉઠયા છે.

સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે કાજી અટક ધરાવતાં મતદારો જ નથી આમ છતાં કેટલાક મતદારોનાંનામ આગળ અજમેરી અટકનાં બદલે કાજી જયારે ખોખરનાં બદલે મેમણ અને ઝાખરા દર્શાવવામાં આવેલ છે. આવા સંજોગોમાં માત્ર અટક જ નહીં પરંતુ ૨૦૦૨ની મતદારયાદીમાં આટલું નામ ચકાસવાથી માહિતી મળી શકે.

જયારે તા. ૨૩/૧૨/૨૦૦૧નાં રોજ વીજપડી ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચપદે પરાજિત થયેલા એડવોકેટ યાકુબ રસભર્યાનું ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ જ નથી જેથી વકિલ તથા બી.એલ.ઓ. નામ શોધવાની ચોતરફ કસરત કરી રહ્યાં છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

આંબાનો બગીચો વેચવાનો છે.
ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી-અમરેલી રોડ ઉપર કુલ-૨૧ વીઘા
આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)
રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી
૨૦ HP/ ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર
૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો
સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ४०૬૩४

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય........................03
(૨) હેલ્પર..............................03
(૨) મિકેનિક............................03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ, 20000+ દર્દીઓની તપાસ, 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્કીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઈક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઈક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઈક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ – ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES DRUM
DESTINI 125
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

# વિનોબાજીની અહિંસાનો ચમત્કાર

## પગદંડી/લેખન

**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

દેદી હમેં આઝાદી, ખણ બિના ઢાલ સાબરમતી કે સંત તુને કર દિય કમાલ.આમ ગાંધીજી વિષે લખાયેલું લોહીનું એક બૂંદ વહાવ્યા વિના સત્ય અને અહિંસાના હથિયાર વડે અંગ્રેજો સામે લડી અંગ્રેજોને ન છૂટકે હથિયાર હેઠા મૂકી રાતોરાત ભાગવું પડયું એ સર્વવિધ્તિ છે.મહત્વની વાત તો એ છે કે ગાંધીજી કોઈ સંત, મહાત્મા નહોતા. પણ એમની કરણી અને કહેણીને આધારે લોકોએ સંત અને મહાત્મા કહી બોલાવતાં ગાંધીજીના નિધન પછી પણ આજે દેશ દુનિયામાં ગાંધીજીના વિચારો પ્રસ્તુત છે. જેમ ગીતા વિશે ઢગલાબંધ લખાયુ છે. અને લખાય છે ને લખાશે. એ ગીતા કાલજસી કાળને ગળી ગયેલ આપણી ગીતા છે. એમ ગાંધીજી વિશે કયાં ઓછું લખાયું છે ? જેટલું વાંચીએ એટલું ઓછું પડે. ગાંધીજીએ તો લખ્યું જ છે પણ એમના વિશે ઘણું લખાયું છે.ગાંધીજીના આદર્શો, વાણી, લેખિની, કર્મ, સત્ય, અહિંસા, પ્રેમ, કરૂણાથી પ્રભાવિત થઈ અસંખ્ય જીવ્યા ને જગતને બતાવી ગયા કે ગાંધીજી શું હતા ? નામ લખવા બેસું તો અંત ન આવે પણ એક નામ અચૂક લેવું પડે. સંત



વિનોબા ભાવેનું. એમનો ઉલ્લેખ ન થાય તો નગુણો (દેશ) કહેવાય. ખરા અર્થમાં વિનોબા સાચા સંત હતા. જેવું બોલ્યા એવું જીવ્યા ગાંધીજીની જેમ એક વિચારક, ધાર્મિક, શ્રધ્ધાળુ, ઢ કીલા, નિહર હતા. શાસ્ત્રોનો પૂર્ણત : અભ્યાસ વેદો, પુરાણો, ગ્રંથોનો સાર એમણે સરળ ભાષામાં લખ્યો છે. ''ગીતા પ્રવચનો'' મુખ્ય છે. એમનું નામ છે.સંત વિનોબા વિશે લખવું એવી કોઈ મારી ત્રેવડ નથી. એમની ચરણની રજ સમાન પણ નથી. સુરજ સામે ધૂળ ઉડાડવા જેવું છે. તેમ છતાં તેમનાથી પ્રભાવિત થવાયું હોય. ગમ્યું હોય તો તેમની વિશે લખવું સંપાદન કરવું એવુ ખિસકોલી કર્મ છે.

વિનોબાજી વિશે પૃથક પૃથક ઘણું વાંચેલું. પણ કેવું ? પેલા ચાર પ્રજ્ઞાચક્ષુને હાથી બતાવી પુછયું ''હાથી વિશે કહો'' પ્રજ્ઞાચક્ષુઓએ જેવું વર્ણન કરેલું એવું જ્ઞાન, ભાવ એમના વિશે હતો. ૨૦૧૮માં હું અને કેટલાંક સાધકો સાથે સ્વામી નિત્યશુદ્યાનંદ સરસ્વીતીની નિશ્રામાં (આધ્યાત્મિક શિબિર) ઉતરાખંડ સ્થિત નારાયણ આશ્રમમાં ગયેલ. ત્યાં પવનાર આશ્રમની દસ બહેનો પણ આવેલ. તેઓ પણ અમારી સાથે શિબિરમાં જોડાયા. શ્રી જયોત્સના બહેન એમના લીડર હતા. ત્યારથી એમની અને વર્ધા – પવનાર આશ્રમ સાથે જોડાયો. વધુમાં પવનારનું મુખપત્ર 'મૈત્રી' મને મોકલાવેલ. યથાવકાશે વાંચન વધતું ગયું.હમણાં નવેમ્બર ૧૫–૧૬–૨૦૨૫માં પવનારમાં એક મિત્ર–મિલન કાર્યક્રમ શિબિરનું આયોજન થયું. વિષય હતો. ''વિનોબાજીની ભૂદાનયાત્રાના ૭૫ વર્ષ.'' મને નિમંત્રણ મળ્યું. એક ભાવ સામે હું ને મારા મિત્ર રમેશભાઈ પંડયા પહોંચી ગયા પવનાર વિદ્યા મંદિર અઢી દિવસની શિબિરે વિનોબાજી સુધી પહોંચવાના દ્વારા ખોલી નાંખ્યા હજી તો ઉંબરામાં પગ મૂકયો છે. જોઈએ એમની કુટિયામાં પગ કયારે મુકાય છે.શિબિરનાં અનુભવ પરથી એટલું તો ગળે ઉતરી ગયું કે બાબા બહુ આયામી વ્યકિતત્વ પુરૂષ હતા. એમની જીવનનું કયું કામે મહત્વનું કે ગૌણ માનવું એ હજી હું સમજી શકયો નથી. બધું જ મહત્વનું કે અગત્યનું લાગે. અનુકરણીય અનુસરણીય લાગે. પણ આપણાં એવા નસીબ કયાં કે એમના શ્રી ચરણોમાં સ્થાન લઈ શકીએ ?

અમે પણ બાબાના અંતેવાસીઓ ૮૦+, ૯૦+ પહોંચેલી વ્યકિતઓ (ભાઈઓ–બહેનો) કમરમાંથી વાંકા, લડખડાતા પગે, આંખો પર છાજણી મૂકી જોનારા શિબિરમાં પધારેલ. શું એમની નિષ્ઠા, શ્રધ્ધા સમર્પણ છે એમનાં દર્શન કરી ધન્ય થઈ જવાયું.કેટલીક એવી હસ્તીઓ બડભાગી હતા કે જેમણે બાબાને સેવ્યા હતા. એમના નકશેકદમ ચાલ્યા હતા ને ચાલે છે. તો કહી ગૌતમભાઈ અને બાબા સાથે ભૂટાન યજ્ઞમાં જોડાયા ત્યારે કિશોર વસ્થામાં, યુવાનનીમાં હતાં. ફોટામાં એમને અહોભાવથી જોઈ રહ્યો.
જયાં બાબાની સમાધિ છે. જયાં પ્રતિદિન ધ્યાન સમાધિમાં રહેતા એવી 'ધામ' નદીનું ચરણામૃત લઈ શરીર આત્માને શુધ્ધ બનાવ્યાનો સંતોષ લીધો. 'ધામ' નદી વિશે 'મૈત્રી'માં ઘણું વાચ્યું છે. એમાં સ્નાન કરી ગંગા ન્હાયાનું પુણ્ય પ્રાપ્ત કર્યુ. ત્યાં મહારાષ્ટ્ર સરકારે સુંદર ઘાટ બનાવ્યા છે. રિસોર્ટ બનાવેલ છે. લોકો યુવાનોની અવરજવર સતત હોય છે. આશ્રમનું નામ સાંભળતાં મનમાં ખ્યાલ આવે કે, સુંદર મંદિર હશે એ.સી.ટુ. સીટેડ રૂમ્સ હશે. ખાલીપીણાં સ્ટોર્સ હશે. આશ્રમનાં મહેત, વ્યવસ્થાપક વૈભવશાળી (તમામ ભૌતિક સુવિધાયુકત) કુરિયામાં રહેતાં હશે. જતાની સાથે આપણું સ્વાગત કરે, પ્રસાદ આપે શાલ ઓઢાડે જેમની આજુબાજુ દસબાર (?) સાધકો માંખીઓની જેમ મંડરાતા હોય ભાવકો, પ્રદાન કરતા હોય, બાબાની ઓળખ ૧૦૮ કો ૧૦૦૮ મહામંડલેશ્વર હોય, એમનો વૈભવ કોઈ રાજા મહારાજાથી કમ ન હોય, મોંઘી ગાડી, પ્લેન તો હાથવગા, આવો ખ્યાલ પવનારનો પણ હતો. પણ અફસોસ કે એમાનું એકપણ લક્ષણ પવનારમાં જોવા ન મળ્યું.
તો શું હતું પવનાર આશ્રમમાં ? ત્યાં બાલબ્રહ્મચારી બહેનો જ તેનો વહીવટ કરે છે તમામ કામ જાતે કરે છે. એમની કોઈ આમદાની, કમાઈ નથી. પણ દિવસ દરમિયાન આશ્રમમાં જેટલા કલાક કામ કરે તેનું મહેનતાણું મળે છે. રહેવા, ખાવાનું વિગેરે આશ્રમમાં જ હોય છે. બધાં ખાદીધારી કરકસર ત્રેવડ ત્રીજો ભાઈ. આ દિવસો દરમિયાન જયોત્સનાબેન, કંચનબેન, નસિનીબેનને હું નજીકથી જોઈ શકયો. જોયા પછી લાગ્યું કે એમની તોલે કયાંથી અવાય ? એમની સાદગી, પ્રેમ, લાગણીથી એટલા પ્રભાવિત કરેલ કે હૈયું ભરાઈ આવે. તમને થશે કે રવજીભાઈએ જે મથાળું લખેલ છે એવું તો અહિં કોઈ વાંચવા મળ્યું જ નહિ. સાચી વાત છે પણ સીડીનું એક એક પગથિયું ચડાયને ઉતરાય. નહિતર વહેલા ડોકાર પાસે જવું પડે. એ મથાળાને, શિર્ષકને હવે પછી જોઈ શું ભગવાન દર્શન માટે થોડી તાલાવેલી તો જાગવી જોઈએને ?
(ક્રમશઃ)

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## હાઈ બ્લડપ્રેશર

### ભૂલાયેલો ફેમિલી ડોકટર




શરીરના દરેક અંગ સુધી લોહી પહોંચાડવા માટેના ચોક્કસ પ્રેશરને બ્લડપ્રેશર કહેવાય છે. ભૌતિકશાસ્ત્રની ભાષામાં કહીએ તો રકતવાહિનીઓની દીવાલ પર લોહી દ્વારા લાગતું દબાણ. જયારે હૃદય સંકોચાઈને લોહીને રકતવાહિનીઓમાં ધકેલે છે ત્યારે તત્પૂરતું આ દબાણ વધી જાય છે. જે સિસ્ટોલિક કે ઉપરના બ્લડપ્રેશર તરીકે ઓળખાય છે. હૃદયના બે ધબકારા વચ્ચેના સમયમાં પણ લોહીનો પ્રવાહ તો સતત વહેતો જ હોય છે. આ સમયના લોહીના દબાણને ડાયસ્ટોલિક અથવા નીચેનું બ્લડપ્રેશર કહેવાય છે.તંદુરસ્ત માણસનું સરેરાશ બ્લડપ્રેશર આશરે ૧૨૦/૮૦ મિ.મી. જેટલું હોય છે. માણસની ઉંમર, જાતિ, દિવસનો સમય, સ્થિતિ વગેરે ઉપર બ્લડપ્રેશરનો આધાર રહેલો હોય છે. લાંબા અભ્યાસ બાદ વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે ઉપરનું દબાણ ૯૦ થી ૧૪૦ વચ્ચે અને નીચેનું દબાણ ૬૦ થી ૯૦ મિ.મી.ની વચ્ચે ગમે ત્યાં હોય તો પણ તે નોર્મલ જ ગણાય.**તંદુરસ્ત વ્યકિના બ્લડપ્રેશરમાં વધઘટ માટે જવાબદાર પરિબળો**

બ્લડપ્રેશર એ માણસની ઊંચાઈ જેવું નથી કે કાયમ એકસરખું જ રહે. પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે : (૧) ઉંમર, (૨) જાતિ (સેક્સ), (૩) શારીરિક સ્થિતિ (પોઝિશન), (૪) ઊંઘ, (૫) કસરત, (૬) માનસિક તાણ : બ્લડપ્રેશર માપવા સ્ફિગ્મોમેનોમીટર નામના સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. આદર્શ સાધન પારાવાળું જ છે. સરળતા માટે ગોળ ડાયલવાળું અને જાતે માપવા માટે ઈલેક્ટ્રોનિક મળે છે.

**મપાવતાં ધ્યાન શું રાખવું ?**
(૧) ચિંતા કે ઉદ્વેગ ન હોવાં જોઈએ
(૨) જે હાથ પર મપાવવાનું હોય તે હાથ પર ટાઈટ કપડાં ન પહેરો
(૩) હાથના સ્નાયુઓ ઢીલા રાખો
(૪) એક હાથ અને એક પોઝિશનમાં મપાવતા રહો
(૫) ખોટી બીક ન રાખો
(૬) એક વખત વધારે નોંધાય તો જુદા જુદા સમયે થોડા થોડા અંતરે મપાવતા રહો.

બ્લડપ્રેશર ૧૪૦/૯૦ મિ.મી.થી ઉપર રહે તો તે વધારે જ ગણાય. કાયમી હાઈ બ્લડપ્રેશરની જેમ કાયમી લો બ્લડપ્રેશર જેવી કોઈ બીમારી હોતી નથી. જુદા જુદા કારણસર ક્યારેક કોઈનું લો થઈ શકે ત્યારે ત્વરિત પગલાંથી નોર્મલ થઈ જાય છે.: **વધવાનાં કારણો :** (૧) મોટી ઉંમર, (૪૦ વર્ષ) પછી વધવાની શક્યતા, (૨) સ્ત્રીઓની સરખામણીમાં પુઢષોમાં વધારે, (૩) વારસાગત, (૪) મેદસ્વિતા, (૫) ડાયાબિટીસ, (૬) દારૂનું સેવન, (૭) વધારે મીઠા (નમક)નો ઉપયોગ, (૮) માનસિક તણાવ, (૯) ધૂમ્રપાન, (૧૦) દવાઓ **લક્ષણો :** સામાન્ય રીતે કોઈ જ લક્ષણ દેખાતું નથી. તેથી તેને સાઈલન્ટ કિલર કહેવામાં આવે છે.કેટલાક દર્દીઓમાં માથું ભારે થવું, ચક્કર આવવા, કાનમાં તમરાં બોલતો હોય એવું લાગવું, નસકોરી ફૂટવી, છાતીના ધબકારા વધી જવા વગેરે લક્ષણો જોવા મળે છે. હાઈ બ્લડપ્રેશરનું કારણ જાણવા જરૂરી તપાસ તથા વધારે રહેતું હોય તેણે તેના દ્વારા થતા નુકસાન માટેની તપાસ ડોક્ટરની સલાહ પ્રમાણે કરાવતાં રહેવું જોઈએ.સગર્ભાવસ્થા દરમ્યાન નિયમિત બીપી મપાવવું ખૂબ જરૂરી છે. **ઉપદ્રવો :** નિદાન થવા છતાં દવા ન લેવાની ભૂલ જીવલેણ પણ નીવડે.
(૧) બેકાબૂ બ્લડપ્રેશરથી હૃદય પહોળ થાય અને ફેલ પણ થઈ શકે
(૨) પેરાલિસિસ (લકવો)નો હુમલો, મગજમાં રક્તસ્રાવ થઈ શકે
(૩) આંખના નેત્રપટલને નુકસાન
(૪) કિડની ફેલ થઈ શકે.

દવા વગર પણ નિયમિત તબીબી સલાહ અને તપાસ તથા પરેજી, વજન ઘટાડવું, વ્યસનનો ત્યાગ, કસરત તથા માનસિક તાણ દૂર કરી રોગને કાબૂમાં રાખી શકાય. જીવનપદ્ધતિમાં ફેરફાર દવાઓ લેતા હોય તેના માટે પણ જરૂરી છે :
(૧) નિયમિત હળવી કસરતો કરો.
(૨) વજન ઘટાડો.
(૩) ખોરાકની ટેવો બદલો–મીઠું ઓછું ખાવ, પોટેશિયમ વધારો, કેલ્શિયમ, મેગ્નેશિયમ, પ્રોટીન વધારો. ચરબી ઓછી કરો. કેફિનનું સેવન ઓછું કરો.
(૪) મનની શાંતિ જાળવો. વર્તમાનમાં જીવો. ખરાબમાં ખરાબ સ્થિતિને પણ સ્વીકારી લો. સમસ્યાનું વિશ્લેષણ કરો, પૂરતી માહિતી મેળવ્યા બાદ નિર્ણય કરો. કાર્યરત રહો. ફળની આશા રાખ્યા વગર સત્કાર્યો કરો, શાંતિ, હિંમત, વિાસ અને આશાભર્યા વિચારોથી મન ભરી દો. કુદરત પર શ્રદ્ધા રાખો.
(૫) ધ્યાન–યોગાસન કરો.

**બ્લડપ્રેશર વધે નહિ તે માટે શી કાળજી રાખવી ?**

સપ્રમાણ વજન, શારીરિક સક્રિયતા, સ્વસ્થ આહાર, દારૂ–તમાકુ જેવાં વ્યસનોનો ત્યાગ, માનસિક શાંતિ અને તણાવમુકિત.

ઉપરના ઉપાયો છતાં બીપી કાબૂમાં ન આવે તો ડોક્ટરની સલાહ પ્રમાણે સમયસર પૂરતી માત્રામાં દવા લેવી. સલાહ પ્રમાણે નિયમિત તપાસ કરાવતા રહેવાની જરૂર છે. દવા ઘણા પ્રકારની જુદી જુદી રીતે અસર કરનારી હોવાના કારણે ડોક્ટરની સલાહ સિવાય બીજાની સલાહ લેવાથી નુકસાન થવાની સંભાવના રહે છે. જરૂર પડે વધારે દવા (ડોક્ટરની સલાહ પ્રમાણે) લેવી સારી.

## જુગતરામ દવે




**'નવજીવન'**

આશ્રમમાં હવે ગાંધીજીનું કામ જામવા લાગ્યું હતું. તેમણે એક સાપ્તાહિક 'નવજીવન' કાઢવાનું ઠરાવ્યું. તેનો પહેલો અંક તા. ૭/૯/૧૯ને દિવસે નીકળ્યો. તે માટે અમદાવાદમાં એક નાનું સરખું પ્રેસ રાખી લીધું. આ કામ દિવસે દિવસે વધી રહ્યું હતું. પ્રેસના ચાલુ માણસો તેને પહોંચી વળતા નહોતા. ગાંધીજીને આ ભીડને વખતે સ્વામી આનંદ યાદ આવ્યા. તેમને ખબર હતી કે સ્વામીને છાપવા–છપાવવાના કામનો અનુભવ હતો, અને આ નવું કામ તે ખીલવી શકશે એવો તેમને વિાસ હતો. ગાંધીજીએ એમને બોલાવી લીધા અને 'નવજીવન' સાથે જોતરી દીધા. તે ૧૯૧૯ના અંતભાગમાં 'નવજીવન'માં આવ્યા હશે. એ કામ સ્વીકાર્યા પછી સ્વામીએ એક બે મહિનામાં મને વડોદરાથી બોલાવી લીધો.


આ દિવસો ૧૯૧૯ ૨૦ના હતા. ગાંધીજી તરફથી સવિનયભંગની અને હડતાળ ની અને ઉપવાસની હાકલો પડી રહી હતી. આથી નવજીવન પ્રેસમાં તેમના તરફથી રોજ હસ્તલિખિત લેખોનો ધોધ આવી રહ્યો હતો. 'નવજીવન'નાં ૮ પૃષ્ઠોને ઠેકાણે દરેક અંકમાં ૧૨ ને ૧૬ પૃષ્ઠો થવા લાગ્યાં હતાં. ચૂડી ઓળની સાંકડી ગલીમાં આવેલા તેનાથી પણ સાંકડા નવજીવન પ્રેસમાં રાતદિવસ ધમાલ ચાલતી હતી. છાપેલાં પાનાંના ટાઈપ ધોવાઈને ઉકેલાય તે પહેલાં નવાં પૃષ્ઠો છાપવાની તાકીદ ઊભી થતી રહેતી. તેમાં ગાંધીજીનાં ઘણી વાર પેન્સિલથી લખેલાં પાનાં ઉકેલવાનો રસિક વ્યાયામ સ્વામી અને તેમના મદદનીશોને માટે સારો રસ પૂરો પાડતો હતો. મશીન ચલાવનારાઓ, કંપોઝીટરો, પ્રૂફવાળાઓ સૌને દિવસના ચોવીસ કલાક ટૂંકા પડતા હતા. ઉજાગરા ઉપર ઉજાગરા કરવામાં તેઓ એકબીજા સાથે હરીફાઈ કરતા હતા, પણ તે શકિતમાં સ્વામી સૌને ચડી જતા હતા. ત્રણ રાત્રિઓ અખંડ જાગરણ કર્યા પછી ચોથી સવારે પણ પ્રૂફ વાંચી છાપવાનો ઓર્ડર આપવા તે તૈયાર હતા.'નવજીવન', 'યંગ ઈન્ડિયા'માં બાપુએ અગ્નિ જેવાં તેજસ્વી લખાણોનો ધોધ વહેવડાવવા માંડ્યો હતો. ચૂડી ઓળ નું છાપખાનું તેને માટે અતિ નાનું પડતું હતું. સ્વામીએ સારંગપુર તરફનું વિશાળ મકાન શોધી કાઢ્યું. મૌલાના મહમદઅલીએ બંધ કરેલા છાપખાનાનાં યંત્રો બાપુને આપી દીધાં. તે આ નવા મકાનમાં ગોઠવી દેવામાં આવ્યાં.

## બાવલાનાં પરાક્રમો

એક પળમાં તો તરતાં તરતાં બાવલો કિનારાથી દૂર નીકળી ગયો. કયાં જવું તેનો વિચાર કર્યા વિના તે આગળ ને આગળ તર્યે જ જતો હતો, ત્યાં આઘેથી એણે પાણીમાં સફેદ આરસપહાણનો એક મોટો ખડક જોયો.

એના પર એક સુંદર બકરી જોઈ. બકરી બેં–બેં કરી એને જોરથી બોલાવતી હોય એમ લાગ્યું. સૌથી નવાઈ જેવું તો એ હતું કે એ બકરીના શરીર પરના વાળ ભૂરા –પરીના વાળ ને મળતા આવતા હતા ! બાવલાનું હૃદય કેટલા આનંદથી ધબકી ઊઠ્યું હશે ! તેણે તો બમણા જોરથી ખડક તરફ તરવા માંડ્યું. લગભગ અરધે પહોંચ્યો હશે ત્યાં તો પાણીમાંથી એક મોટી માછલીનું માથું બહાર આવ્યું. એનું ફાડેલું મોં ને દાંતની હારો ચિત્રમાં પણ ભયંકર લાગે ! બાવલાને કેટલી બીક લાગી હશે !





એણે તો પાછા ફરી નાસી જવાનો ઈરાદો કર્યો પણ પેલી વિકરાળ માછલી વીજળીની ઝડપે એની તરફ ધસતી હતી.'ઝડપ કર બાવલા !' બકરીએ દુઃખનો પોકાર કર્યો. બાવલો પણ પગ, હાથ, છાતી, બધાનો ઉપયોગ કરી ખૂબ જોરથી તરવા લાગ્યો.'નાસ બાવલા નાસ ! રાક્ષસ તારી લગોલગ આવી પહોંચ્યો છે.'બાવલાએ બમણું જોર કર્યુ ને લગભગ ખડક આગળ પહોંચ્યો. બકરીએ એને ઉપર ખેંચવાને આગલા પગ પણ નીચે કર્યા. પણ અફસોસ ! એ રાક્ષસી પ્રાણીએ બાવલાને પકડી પાડયો ને ાસ ઊંચો લઈ પાણી સાથે મોંમાં ચૂસી લીધો. એવા જોરથી બાવલો ઘસડાયો હતો કે જયારે એના પેટમાં પહોંચ્યો ત્યારે જોરથી અફળાયો ને થોડીક ક્ષણ બેભાન અવસ્થામાં રહ્યો.બાવલો જયારે જાગૃત થયો ત્યારે બધે એટલો ગાઢ અંધકાર હતો કે ઊંધે માથે શાહીના ખડિયામાં ડૂબ્યો હોય એમ લાગતું હતું. એણે કાન ધરી કંઈ સાંભળ વાનો પ્રયત્ન કર્યો પણ બધું સૂમસામ. માત્ર એના મોં પર થોડી થોડી વારે પવનના ઝપાટા વાગતા હતા. પહેલાં તો પવન કયાંથી આવતો હતો તે સમજાયું નહિ. પછી ખબર પડી કે એ પ્રાણીના ફેફસામાંથી પવન આવે છે. માછલીને દમનો રોગ હતો, એટલે ધમણની માફક ાસ લેવો પડતો હતો ને તેને લીધે વંટોળિયો વાતો હોય એવું લાગતું.પહેલાં તો બાવલાએ હિંમત રાખવાનો પ્રયત્ન કર્યો. પણ જયારે એને લાગ્યું કે એ ખરે જ માછલીના પેટમાં પૂરાયો છે ત્યારેએણે મોટેથી રડવા ને ચીસો પાડવા માંડી : 'બચાવો, બચાવો! મને કોઈ નહિ બચાવે?''કમનસીબ જીવડા ! અહીં તને કોણ બચાવી શકે ?' અંધારામાંથી ફાટેલા ઢોલ જેવો ખોખરો અવાજ સંભળાયો.'એ કોણ છે ?' બીકથી ઠરી જતાં બાવલાએ પૂછ્યું.'એક ગરીબડી માછલી. તારી સાથે જ મને પણ આ માછલી ગળી ગઈ છે. તું કઈ જાતની માછલી છે ?''હું માછલી નથી. હું તો ઢીંગલો છું.''માછલી નથી, ત્યારે અહીં કેમ આવ્યો ?''હું મારી મેળે નથી આવ્યો. માછલી મને ઘસડી લાવી. પણ હવે આ અંધારામાં આપણે શું કરીશું ?''નસીબ પર આધાર રાખી માછલી આપણને પચાવે ત્યાં લગી બેસી રહેવાનું.''પણ મારે એમ પચીને મરી જવું નથી.' બાવલો ઘાંટો પાડી રડતાં રડતાં બોલ્યો.'મારી પણ ઈચ્છા નથી.' માછલીએ જવાબ દીધો : 'પણ મારી ફિલસૂફી એવી છે કે જયારે હું માછલી જ જન્મી છું તો તેલમાં તળાઈને મરવા કરતાં પાણીમાં રહીને મરવું શું ખોટું ?''એ બધું અર્થ વિનાનું.' બાવલો બોલ્યો.'મારો મત એવો નથી.' માછલી બોલી.એ ટકટક રહેવા દે. મારે તો અહીંથી જતા રહેવું છે, નાસી જવું છે.''શકિત હોય તો નાસી જા.''આ માછલી બહુ મોટી છે ?' ઢીંગલાએ પૂછ્યું.'મોટી ? પૂંછડું બાદ કરીએ તો એનું શરીર બે માઈલ લાંબું છે !'અંધારામાં આ સંભાષણ ચાલતું હતું ત્યાં દૂર દૂર બાવલાએ અજવાળું જોયું ! 'પેલું અજવાળું શાનું હશે ?''માછલી પચાવે તેની રાહ જોઈ આપણા જેવો કોઈ કમનસીબ બેઠો હશે !'
'હું ત્યાં જાઉં. કદાચ કોઈ ઘરડી માછલી હોય ને આપણને બહાર જવાનો રસ્તો બતાવી શકે !' 'તારી આશા સફળ થાય, ઢીંગલા !' 'આવજો માછલીબાઈ ! પાછા કયાં મળીશું ?''આવજે ઢીંગલા ! કયાં મળીશું તેનો વિચાર જ હાલ તો નહિ કરવામાં ફાયદો છે.'

## હસવાની મનાઈ છે.


છોટુના પપ્પાએ તેને પૂછ્યું : છોટુ, તારા વર્ગમાં સૌથી વધારે મહેનતુ કોણ છે ? છોટુએ કહ્યું : હું. કારણ કે મારા વર્ગમાં બધા બાળકો બેઠાં હોય ત્યારે હું પાટલી પર હાથ ઊંચા કરી આખો દિવસ ઊભો રહું છું.છોટુને તેની મમ્મીએ પૂછ્યુ : તું આ કેવી દીવાસળી લઈ આવ્યો છે ? એક પણ નથી સળગતી.છોટુએ કહ્યું : એકેએક દીવાસળી ટેસ્ટ કરીને લાવ્યો છું. ન કેમ સળગે ! પિતા (પુત્રને) : બેટા તું શા માટે રડે છે ? પુત્ર : પહેલા પાંચ રૂપિયા આપો. પછી વાત કરૂ.પિતા : લે પાંચ રૂપિયા. હવે કહે.પુત્ર : હું પાંચ રૂપિયા માટે જ રડતો હતો.આકાશ : નીરજ, ખબર છે ? આજે તો હું વાઘનાં પીંજરામાં ઘૂસી ગયો હતો.એક રૂપિયો આપ ! ભગવાન તને પરીક્ષામાં પાસ કરી દેશે !! નીરજ : અરે ! તો તું જીવતો પાછો કેવી રીતે આવ્યો ? આકાશ : કારણ કે પીંજરામાં વાઘ ન હતો. મુન્નુ (રીક્ષાવાળાને) : ભાઈ ! શાળાએ આવશો ? રીક્ષાવાળો : હા, બે રૂપિયા લઈશ.મુન્નુ : એક રૂપિયો લઈ લેજો. રીક્ષાવાળો : સારૂ, પણ પછી તું રીક્ષા ચલાવજે અને હું બેસીશ.રાજુ : ચંદ્ર પર તો માણસ પહોંચી ગયો. પણ સૂરજ પર કોઈ નથી પહોંચ્યું.

સોનું : અરે મૂરખ, સૂરજ પર જનાર વ્યકિત ત્યાં પહોંચતા પહેલા જ મરી જાય.રાજુ : હું દિવસે નહિ પણ રાતે પહોંચવાની વાત કઢું છું.

પાગલોના એક વોર્ડમાં કેટલાક જુનિયર ડોક્ટરો આવતા હતા. એક પાગલે પૂછ્યુ, તમે બધા ડાક્ટરો જ છો કે પછી તમારામાં કોઈ માણસ છે ? એક ડોક્ટરે પૂછ્યુ, 'કેમ, શું કામ છે ?'

પેલો કહે, 'મારે માણસ સાથે વાત કરવી છે.'





બાલમિત્રો,

તમારા ભણવામાં વિનોબા ભાવેનું નામ આવ્યું છે ? કદાચ આવ્યું પણ હોય તોય અત્યાર યાદ કયાંથી હોય ? કેટલાંક બાળકોને એ પણ ખબર નથી કે વિનોબા ભાઈ છે કે બહેન બાલમિત્રો મૂળનામ તો વિનાયક હતું. પાછળથી સમાજે વિનોબાને એવું નામ આપેલ છે. મૂળ મહારાષ્ટ્રીયન વિનોબા ૧૪ ભાષા જાણતા હતાં. મોટા સંત હતાં. ગાંધીજીનાં પગલે ચાલ્યા. ને જીવ્યા. ગાંધીજીનો મંત્ર, સત્ય, પ્રેમ, કરૂણા, અહિંસાને વિનોબાએ પણ જીવનમાં ઉતારેલ. એટલું જ નહિં જીવનમાં પણ જીવ્યા.એમનો એક આશ્રમ છે વર્ધામાં જેનું નામ છે પવનાર આશ્રમ ધામ નદીને કાંઠે છે જયાં એમની સમાધી છે. અસ્થિ પધરાવેલ છે. જેના ઉપર હે રામ લખેલ છે. આશ્રમ વૈભવશાળી નથી. આજે પણ ગાંધીના જીવનની જેમ ત્યાંના બહેનો જીવે છે. બહેનો તમામ કામ હાથે જ કરે છે. કોઈ નોકર ચાકર છે જ નહિં સવારે ૪ વાગ્યે ઉઠવાનું પ્રભાત ફેરી કરવાની વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરવામાં આવે. સદ્‌વિચારોનું વાંચન કરવામાં આવે. પછી શ્રમ કાર્ય થાય. પછી નાસ્તો લેવાનો. ૮ થી ૧૨ સૌએ પોતેપોતાનું આશ્રમનું કામ કરવાનું રસોઈ, સફાઈ, ખેતીકામ, ગૌશાળાનું કામ, આશ્રમની સફાઈ વિગેરે તે છે ક ૭ વાગ્યા સુધી પછી પ્રાર્થના, જમવાનુંને શયન મોટા થાવ ત્યારે પવનાર આશ્રમ જોવા જજો.

## કાંટાની અણી

એક કાંટાની અણી, તે પર વસે ત્રણ ગામ, બે ઉજ્જડ ને એક વસેલ જ નહિ, વસેલ જ નહિ.

એમાં વસ્યા ત્રણ કુંભાર, બે અણઘડ ને એક ઘડે જ નહિ, ઘડે જ નહિ.તેણે ઘડી ત્રણ તોલડી, બે કાચી ને એક સાજી જ નહિ, સાજી જ નહિ.

એમાં રાંધ્યા ત્રણ મગ, બે કાચા અને એક ચડે જ નહિ, ચડે જ નહિ.ત્યાં આવ્યા ત્રણ મહેમાન, બે રસિયા ને એક જમે જ નહિ, જમે જ નહિ.એને દીધા ત્રણ રૂપિયા, બે ખોટા ને એક સાચો જ નહિ, સાચો જ નહિ.ત્યાં આવ્યા ત્રણ પારેખ, બે આંધળા ને એક દેખે જ નહિ, દેખે જ

## બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

નહિ.૬૭. **એક વાતની વાત** એક વાતની વાત, સવાયાની સાત, એક બોરડીનો કાંટો, સાડી અઢાર હાથ.

એની અણી પર વસે ત્રણ ગામ, બે ઉજ્જડ અને એકમાં વસ્તી જ નહિ.


તેમાં વસે ત્રણ બ્રાહ્મણ, બે અપવાસી અને એક જમે જ નહિ.

તેને ઘેર હતી ત્રણ ગાયો.બે વરોળ અને એક વિવાય જ નહિ.તેને આવ્યા ત્રણ વાછડા, બે ખોટા અને એક સાચો જ નહિ.

તેણે ખેડ્યાં ત્રણ ખેતર, બે બીડ અને એકમાં ઊગે જ નહિ.

## આંબાભાઈનો વહાલો ભાઈબંધ

તોફાન કરતા ચિંતનને પિતાજી ઠપકો આપતા હતા. એટલે ચિંતન રડતો રડતો ઘરની બહાર નીકળી ગયો. ચિંતન જોર–જોરથી રડતો



હતો. એવામાં તેના કાને અવાજ સાંભળ્યો, ''ચિંતન, મારા વહાલા ભાઈબંધ !'' અવાજ સાંભળી ચિંતને રડવાનું બંધ કરીને આમ–તેમ નજર કરી. પણ તેને કોઈ દેખાયું નહિ એટલે ફરીથી રડવાનું ચાલુ કરી દીધું.
થોડીવાર પછી ફરીથી અવાજ સંભળાયો, ''ચિંતન અહીં આવ, મારી પાસે આવ, મારા વહાલા ભાઈબંધ.'' ચિંતને અવાજની દિશામાં નજર કરી તો આંબાભાઈ તેને બોલાવતા હતા. એટલે તે આંબાભાઈ પાસે ગયો. આંબાભાઈએ પોતાના પાંદડાં હલાવી તેને ઠંડો–ઠંડો પવન નાંખીને છાંયા નીચે બેસવા કીધું. પછી, સરસ મજાની એક પાકી કેરી આપી. કેરી જોતા જ ચિંતન તો ખુશ થઈ ગયો. રડવાનું તો ભૂલી જ ગયો.પછી તો, ચિંતન દરરોજ આંબાભાઈ પાસે આવે. આંબાભાઈ દરરોજ ચિંતનને એક પાકી–મીઠી કેરી ખવડાવે.થોડાક દિવસ પછી ચિંતનના મનમાં લાલચ જાગી. એને વધારે કેરીઓ ખાવાનું મન થયું. એટલે એક દિવસ તેણે વધારે કેરીઓ ખાવા આંબાભાઈને પથરાથી ઘા કીધો.''અરેરે ! ચિંતન આ શું કરે છે ? મને વાગે છે.'' પથરાનો ઘા થતાં જ આંબાભાઈ પીડાથી પોકારતા હતા. પણ ચિંતનને તો કેરીનો જબરો ચકસો લાગી ગયો હતો. એ તો વધુ ને વધુ કેરી ખાવા લલચાયો. એટલે આંબાભાઈની એકેય વાત કાને ના ધરી. આંબાભાઈની પીડા પણ તેને ના દેખાઈ. બસ એ તો એક પછી એક પથરાના ઘા



કરતો હતો. ''ચિંતન, મારા ભાઈબંધ ! મને વાગે છે. ખૂબ જ પીડા થાય છે. મને પથરા ના મારીશ.'' આંબાભાઈ પીડાથી કણસતા કણસતા કહેતા હતા. પણ ચિંતનને તેમની પીડાની પરવા ન હતી. બસ એને તો વધારે ને વધારે કેરીઓ જ ખાવી હતી. નાની–મોટી કાચી–પાકી કેટલીય કેરીઓ તોડી પાડી. પથરાના ઘા ઉપર ઘા થવાથી આંબાભાઈની આંખમાંથી આંસુઓનો ધોધ વહેતો હતો. ખૂબ જ પીડા થવા લાગી. પણ ચિંતન તો દરરોજ પથરાથી ઘા કરીને કેરીઓ પાડતો જ હતો. આંબાભાઈ તો રડી–રડીને સુકાઈ ગયા.એક દિવસ ચિંતનના બા–બાપુજી બહારગામ ગયાં હતાં. ઘરે આવતાં મોડું થવાનું હતું. ચિંતનને તો કકડીને ભૂખ લાગી હતી. ખાવાનું કંઈ ના મળતાં એ તો રડવા મંડી ગયો. પછી, અચાનક તેને આંબાભાઈની યાદ આવી. એ તો. આંબાભાઈ પાસે દોડી ગયો. આંબાભાઈ પીડાથી કણસતા હતા. તેમનું શરીર સાવ સુકાઈ ગયું હતું. એકેય કેરી પણ રહી નહોતી. એટલે ચિંતનને કેરી ખાવા મળી નહીં. ચિંતનને રડતો જોઈ આંબાભાઈ કહે : ''ચિંતન તું કેમ રડે છે ? અહીં આવ મારી પાસે બેસ.'' ચિંતન આંબાભાઈની પાસે જઈને બેઠો.



પછી રડતાં રડતાં કહે : ''મને કકડીને ભૂખ લાગી છે. ઘરે કોઈ નથી. તમારી પાસે પણ એકેય કેરી નથી. હવે હું શું ખાઉં ?'' આંબાભાઈને એ સાંભળીને ખૂબ જ દુઃખ થયું. પણ એમની પાસે તો એકેય કેરી નહોતી એટલે એ પણ શું કરે ? પછી, આંબાભાઈ વધી–ઘટી તાકાતથી ચિંતનને મીઠો પવન નાંખી કહે : ''ચિંતન, મારા વહાલા ભાઈબંધ ! તેં મારી આવી દશા ના કરી હો તો આજે તારે ભૂખે રહેવાનો વારો ના આવત.'' ચિંતનને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેને પોતાની ભૂલ બદલ અફસોસ થયો. તેણે આંબાભાઈની માફી માંગી. એ દિવસથી તેણે દરરોજ આંબાભાઈને પાણી પિવડાવવાનો નિયમ લીધો. આંબાભાઈને પાણી પિવડાવવાનું એ કદી ચૂકતો નહીં. જોતજોતામાં તો આંબાભાઈ પહેલાંની જેમ જ લીલાછમ થઈ ગયા.હવે, ચિંતન રોજ આંબાભાઈ પાસે જાય છે. તેમની સાથે વાતો કરે છે. અને આંબાભાઈ આપે એટલી જ કેરી ખાય છે. આમ, ચિંતન ફરીથી આંબાભાઈનો વહાલો ભાઈબંધ બની ગયો.

# જન્નત અને દોઝખ

સંસ્કાર ગાથા
શ્રી ગિજુભાઈ ભરાડ પૂ.શ્રી મુકતાનંદ બાપુ

ખુદા બંદ–કરીમના દરબારમાં હઝરત મુસાએ પહોંચીને સલામ કરી કે તરત ખુદાએ મુસાને કહ્યું :

'મુસા, મેં સંસારનું નિર્માણ કરી દીધું છે. હવે તું ત્યાં જઈને સંસારનું નિરીક્ષણ કરી આવ.'

હઝરત મુસા ખુદાની આજ્ઞા માથે ચડાવીને મનુષ્ય લોકમાં પહોંચ્યા, તો તેની નજર સેથી પહેલાં ફતુ નામની એક ડોસી પર પડી ! તે ગરીબ અને કપડાં વિનાની હતી ! ધૂળથી પોતાનું શરીર ઢાંકીને બોલતી હતી :

'કાંઈક દઈ દે, ખુદા, કાંઈક અપાવી દે, ખુદા.'

મુસાને જોઈને એણે અત્યંત દર્દભર્યા અવાજે કહ્યું :

'હઝરત, ખુદા પાસે એટલી તો સિફારીશ કરો કે મને દેહ ઢાંકવા માટે એક કપડું તો મળે. કેટલા દિવસોથી હું ભૂખી છું, એક દાણો યે નસીબજોગે મળ્યો નથી. ખુદાને કહેજો કે એક રોટી તો દિવસમાં બે વખત મને મળે !'

હઝરત મુસા એને દિલાસો દઈને આગળ વધ્યા. રસ્તામાં સિલેમાનું મકાન આવ્યું. તેની શ્રી અને સંપત્તિ ચોમેર ચર્ચાતી હતી !

હઝરત એના મકાનનો ઠાઠ જોઈને ચોંકી ગયા ! સિલેમાએ પણ હઝરતને ઓળખી લીધા. ખૂબ આદરભાવથી તેમને મકાનમાં લઈ જવાયા. તેમનું મોટું સ્વાગત કર્યું. હઝરત જયારે પાછા ફરતા હતા, ત્યારે સિલેમાએ કહ્યું :

'હઝરત, ખુદાને કહેજો કે મને આ તે કેવીજાળમાં ફસાવેલ છે ! મારી દોલત થોડી કમ કરે, તો એની વધુ ઈબાદત કરવાનો મોકો તો મળે !' હઝરત ત્યાંથી વિદાય લઈને આગળ ચાલ્યા. રસ્તામાં હઝરતને યતીમોનું એક ટોળું મળ્યું! જયારે એ યતીમોને ખબર પડી કે એ હઝરત મુસા છે, ત્યારે તેઓ એક અવાજે બોલ્યા :

'એય હઝરત, તને અને તારા ખુદાને ખબર છે કે અમે કેટલા દિવસથી ભૂખ્યા છીએ ? બે બકરીઓ, દોઢ મણ ઘી અને થોડી સાકર મોકલી આપો; નહિતર અમે તમને છોડશું નહિ ! કૂતરા પાસે માથું ખવડાવી દેશું.'

હઝરત મુસાએ તાબડતોબ એ બધી ચીજોની વ્યવસ્થા કરી દીધી, ત્યારે માંડ જાન છૂટ્યો !

આટલું જોઈને હઝરતનો જીવ ભરાઈ ગયો ! તે પાછા ફર્યા અને ખુદાને બધી વાત કરી. ખુદાએ કહ્યું :

'હઝરત, જો તું તે ભૂખી, નાગી ઓરતની સિફારીશ કરીશ; તો હું તેને દેહ ઢાંકવા ધૂળ પણ નહિ આપું ! સિલેમાનું ધન કમ કરવાને બદલે હું હજાર ગણું કરી દઈશ !'

'એમ કેમ હઝુર.' ? મુસાએ સવાલ કર્યો.

ખુદાએ કહ્યું :

'તે ગરીબ ઓરતે સુખી અવસ્થામાં ક્યારેય માઢં નામ લીધું નથી ! હવે દુ:ખી છે, ત્યારે મારૂં નામ લે છે ! સિલેમા સોદાગરનું ધન કમ કરવાની વાત સ્વપ્નમાં પણ વિચારી ન શકું. એણે પહેલેથી મારી ભકિત કરી છે અને આજે પણ એટલો જ નિષ્ઠાવાન છે !'

'પણ તે યતીમોનું શું ?'

'મૂસા, જન્નત અને દોઝખ નામના બે લોક છે. ભકતોને હું જન્ત આપું છું અને ખુદા મુલ્લાઓના નિંદકો તથા ધર્મદ્રોહીઓ માટે દોઝખ છે ! જે યતીમો માટે તું કહે છે, તે હકીકતમાં ક્ષુદ્ર, મદ્યપાન કરનારા અને દુરાચારી છે. એ ધર્મદ્રોહીઓ માટે તો મેં ક્યારનું યે દોઝખમાં સ્થાન નક્કી કરી રાખ્યું છે !'

# અભય દીવાના શોધક

'અભય દિવા'ના શોધક : સર હમ્ફ્રી ડેવી

૧૯મી સદીમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવી તેને સમાજમાં ઉપયોગી બનાવવા માટે 'ડેવીસ સેફટી લેમ્પે' ખૂબ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો ! આપણે જેને 'અભય દિવા' ના નામે ઓળખીએ છીએ, તે અભય દિવા (ડેવીસ સેફટી લેમ્પ)ના શોધક સર હમ્ફ્રી ડેવીનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૭૭૮ના રોજ



ઈંગ્લેન્ડમાં પેન્ઝાન્સ મુકામે થયો હતો.

બાળક હમ્ફ્રી નાનો હતો ત્યારથી વિજ્ઞાનના પ્રયોગોમાં તેને ખૂબ જ રસ પડતો. શાળાના શિક્ષણ દરમિયાન તેને પુસ્તકો વાંચવાનો પણ ભારે શોખ હતો. શાળાનું શિક્ષણ પૂરૂ કર્યા બાદ પ્રાયોગિક






વિજ્ઞાનમાં તેણે વિશેષ તાલીમ મેળવી હતી. નાની ઉંમરે જ તેના પિતાનું અવસાન થતાં યુવાન હમ્ફ્રીએ એક ડોક્ટરને ત્યાં નોકરી સ્વીકારી. નોકરીની સાથે સાથે તેમણે વિજ્ઞાનના વિષયોમાં સ્વપ્રયત્નથી આગળ વધતાં રહી તેનું વિશેષ જ્ઞાન સંપાદિત કર્યું હતું.

વિજ્ઞાનની પ્રયોગશાળામાં વિજ્ઞાન વિશેના અવનવા પ્રયોગો કરવામાં ડેવીને ખૂબ જ રસ પડતો. લાફિંગ ગેસ તરીકે ઓળખાતા નાઈટ્રસ ઓક્સાઈડના ગુણધર્મોનું તેમણે સૌ પ્રથમ સંશોધન કર્યુ હતું. વિજ્ઞાન માટે જાણીતી લંડનની રોયલ ઈન્સ્ટિટ્યૂટમાં એક વિજ્ઞાની તરીકે કામ કરતા ૨૭ વર્ષની ઉંમરે પ્રયોગશાળાના નિયામક તરીકે તેમની નિયુકિત કરવામાં આવી. રોયલ ઈન્સ્ટિટ્યૂટના તેઓ ડાયરેક્ટર બન્યા. સમગ્ર યુરોપમાં એક પ્રતિભાશાળી વિજ્ઞાની તરીકે તેઓ પ્રસિદ્ધિ પામ્યા હતા.

તેમણે શોધેલા 'અભય દીવા'થી તેઓ વિપ્રસિદ્ધ બન્યા હતા. તે સમયે કોલસાની ખાણોમાં કામ કરતા મજૂરોની સ્થિતિ ખૂબ જ દયાજનક હતી. સ્ફોટક વાયુઓથી ભરેલી ખાણોમાં વારંવાર આગ લાગી જતી હતી. તેમણે શોધેલા 'અભય દીવા' દ્વારા અનેક મજૂરોની જિંદગી બચી ગઈ હતી. વિજ્ઞાનને લોકોપયોગી બનાવવામાં તેમણે મહવપૂર્ણ ફાળો આપ્યો હતો.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



હેલૈયા દિષાતી નરેન્દ્રભાઈ
ધો.૭, રૂપાયતન સ્કુલ–અમરેલી.

બાલ એક્સપ્રેસ

# જ્ઞાનમંજરી

**વૈશ્વિક યાત્રા**

(૧) સૌથી વધુ જીવનાર પ્રાણી કયું છે ? – કાચબો
(૨) સૌથી હલકુ પ્રાણી કયું છે ? – એમેઝોન જંગલનો બંદર
(૩) સૌથી મોટું પ્રાણી કયું છે ? – વ્હેલી માછલી
(૪) સંગીત પ્રિય પ્રાણી કયું છે ? – ડુક્કર (પીગ)
(૫) રણના જહાજ તરીકે કયું પ્રાણી ઓળખાય છે ? – ઊંટ
(૬) માનવીની માફક રડતુ પ્રાણી કયું છે ? – રીંછ
(૭) સૌથી વધુ હિંસક પ્રાણી કયું છે ? – વાઘ
(૮) સૌથી લાંબો કૂદકો લગાવનાર પ્રાણી કયું છે ? – કાંગારૂં
(૯) ૧ માઈલ બરાબર કેટલા વાર થાય ? – ૧૭૬૦
(૧૦) ૧ એકર બરાબર કેટલા હેકટર થાય ? – ૦.૪૦૫

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## વિકાસના નામે વિનાશ !

અડાબીડ જંગલ, લીલપનો મહાસાગર ઘૂઘવે, આભ ઊંચાં વૃક્ષો પર કલરવનો વાસ, જમીન પર હિંસક ત્રાડો, અનેક પ્રકારના જીવોનો જમેલો.. એમાં એક દિ'માણસ પ્રવેશ થયો. પત્યું. વૃક્ષોની મૂંગી ચીસો, કુહાડાની ગતિ, મશીનોની ઘરઘરાટી, પક્ષીઓના ચિત્કાર... જાણે જવાલામૂખીનો લાલબંબોળ રસ વહ્યો.

સાફ મેદાનની ઉજજડ જમીન પર મકાન, મકાન પર બોર્ડ – 'પર્યાવરણ વૃધ્ધિ કેન્દ્ર'.

# જ્ઞાન અને ભકિત

ભગવત ગીતામાં કૃષ્ણએ જ્ઞાનનો પક્ષપાત કરીને એમ કહ્યું છે કે જ્ઞાનના માર્ગે મારા સુધી પહોંચનાર મનુષ્ય મને વધારે પ્રિય છે, છતાં ભકિતની તોલે જ્ઞાન આવી શકે એમ નથી. સંતો કહે છે કે જ્ઞાનનુંફળ ભકિત છે. સર્વ વાસ્તવમાં ભકિતને આધીન છે. જયારે જ્ઞાન એની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે ભકિતનો પ્રાદુર્ભાવ થાય છે. જેની પાસે અઢળક જ્ઞાન છે પણ ભકિત નિરંતર ઝંકૃત થતી પ્રભુપ્રીતિ છે. શબરી કે જેની પાસે પ્રતિક્ષા ભકિત સિવાય કશું નથી, તેની શ્રધ્ધા રામચરણને પંપાસરોવરના કિનારા સુધી અને પછી એના આંગણા સુધી લઈ આવે છે. ભકિતમાં ભગવાન બંધાઈ જાય છે. જયારે જ્ઞાનમાં તે જિજ્ઞાસુની આકરી કસોટી પણ કરે છે. જ્ઞાની મનુષ્યે તર્ક–વિતર્કની અનેક જાળ ભેદીને પરમ જ્ઞાન સુધી પહોંચવાનું હોય છે. સંતો કોઈ

જ્ઞાનજયોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

નથી તે મનુષ્ય રંક છે અને જેની પાસે કોઈ પ્રકારનું જ્ઞાન નથી અને માત્ર ભકિત છે તે સર્વ રીતે સમૃધ્ધ છે. જ્ઞાન એક પ્રકારનું બૌધ્ધિક શિક્ષણ છે અને ભકિત માનવ હદયમાંથી વિવાદમાં ઉતર્યા વિના ભકિતને જ પરમ જ્ઞાન માને છે. જે મનુષ્યમાં ભકિત ભાવના રહેલી ન હોય તેના પડછાયામાં ઊભા રહેવા પર પણ શાસ્ત્રોએ નિષેધ ફરમાવ્યા છે.

# દીકરી વિનાની મા કાયમની કામવાળી....

મારા એક મિત્રને ચાર ચાર દુધમલ દીકરા છે. મેં એમના ભાગ્યની પ્રશંસા કરી. કપાળે હાથ દઈ તેનો જવાબ આપે છે,

દીકરી વ્હાલનો દરીયો
લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

"શું ધુળ ભાગ્યશાળી ! બીજી ડીલીવરીમાં હતું કે દીકરી જન્મે તો સારૂ. બે બસ કરીને બેસી જઈએ. ઈશ્વરે ઉંધું કર્યુ. દીકરીની આશાએ ચાર ચાર દીકરા થયા. સાચું કહું છું બલદેવભાઈ, એક દીકરી તો હોવી જ જોઈએ."

"સૌ દીકરા ઝંખે છે. તમે કેમ આવું બોલો છો ?"

"દુનિયામાં અતિ કાંઈ સારૂ નહીં. આ જુઓને ! ચાર ચાર દીકરાનાં ઉછેરમાં તમારા બેન કંતાઈ ગયા. છોકરી ભલે નાની હોય તોયે મા ને ટેકો આપે. ઘરના કામ છોકરા થોડા કહે ? વીહ પચીહ વરહે ઘરમાં વહુ આવે ત્યારની વાત ત્યારે. પણ ત્યાં સુધીમાં તો છોકરાની પરોજણમાં ઈ ડોહી થઈ જવાની. કહેવત છે ને કે, જેના ઘરમાં દીકરી ન હોય તે મા કાયમની કામવાળી."

# તમારે શું બનવું છે ?

"એક વખત વેકેશનમાં અમો મુંબઈથી પૂના ટ્રેનમાં ગયા હતાં. સ્ટેશને પહોંચ્યાં ત્યારે ગાડી ઊપડવાને ઘણી વાર હતી. અમારો ડબ્બો એન્જિનની તરત જ જોડાયેલો હતો, એટલે મારા પપ્પાની આંગળીએ હું





એન્જિન જોવા ગઈ હતી." ઢબૂડીએ શાળામાં કથા શરૂ કરી અને આખો વર્ગ શાંતિથી સાંભળતો રહ્યો. "અમે તો એન્જિન ડ્રાઈવરની રજા માગીને ઉપર ચડ્યા." "ડ્રાઈવર કાકા, તમે આ કામ કઈ રીતે શિખ્યા ? તમે આ માટે ક્યાં ભણવા ગયા હતા ? બહેનો ડ્રાઈવર બની શકે ?" ઢબૂડીએ તો કાકા સામે પ્રશ્નોની હારમાળા ખડી કરી દીધી. "તું તો બેટા, બહુ હોશિયાર લાગે છે. તારી જેમ ભાગ્યે જ કોઈક બાળક આ રીતે અમને પૂછે છે ! અને પૂછતાં પંડિત થવાય તે કાંઈ અમસ્તું કીધું છે ! રેલવે દ્વારા કદાચ આપણા દેશમાં સૌથી વધુ નોકરી આપવાનું કામ થાય છે. હું પણ બહુ ભણ્યો નથી. ધો. ૧૦ પાસ કરીને ITIમાં ડિઝલ મિકેનિકનો કોર્સ કર્યો ત્યાં મને ખબર પડી કે રેલવેમાં એન્જિન ડ્રાઈવરની ભરતી માટે પરીક્ષા લેવાશે, એટલે મેં ફોર્મ ભર્યુ !" "હેં કાકા, રેલવેમાં ડ્રાઈવર બનવા માત્ર લેખિત પરીક્ષા જ આપવી પડે?" તો એન્જિન ચલાવતાં કેવી રીતે આવડયું ?" "ના બેટા, રેલવેની પરીક્ષામાં પાસ થયા પછી તેઓ અમનેતાલીમ આપે છે. આ તાલીમ દરમ્યાન વિવિધ પ્રકારનાં એન્જિન – ડિઝલ એન્જિન, કોલસા એન્જિન તથા ઈલેક્ટ્રિક એન્જિન વિશેની સંપૂર્ણ માહિતી તથા તાલીમ પછી જે ડ્રાઈવર ગાડી ચલાવતો હોય તેની સાથે અમને મદદમાં રાખે છે અને એ તાલીમ પૂરી થયા બાદ સૌપ્રથમ અમને માલગાડી ચલાવવા આપે છે. આ માલગાડીના અનુભવ પછી અમુક સમયે પેસેન્જર ટ્રેઈન, ફાસ્ટ ગાડી તથા સુપર ફાસ્ટ ગાડી એમ ચલાવવાનો અનુભવ મળવા લાગે છે." "પણ હું ટ્રેન ચલાવી શકું ?" ઢબૂડીએ પૂછ્યું, "કેમ નહિ, અમારા ડ્રાઈવરોમાં બે બહેનો પણ છે, જે સરસ ગાડી ચલાવે છે." "શાબાશ બેન, તેં તો આખા વર્ગને એન્જિન ડ્રાઈવરની કથા સરસ સમજાવી દીધી." શિક્ષિકાબહેને ઢબૂડીને બિરદાવી.


# ભોપો અને ટોપો

નટવર પટેલ

એક હતો ભોપો. એની પાસે હતો ટોપો. ભોપો અને ટોપો. આ ટોપો હતો કેવો ? ખબર છે તમને ? ટોપો હતો રૂપાળોને લાલ ફૂમતાંવાળો. આવો સરસ મજાનો ટોપો માથે પહેરી ભોપાભાઈ તો ચાલ્યા ફરવા. રસ્તામાં જે મળે તેસેને ટોપો બતાવતા જાય ને વટ મારતા જાય... જોયો મારો ટોપો ? મારૂ નામ ભોપો. ને સહુ ભોપા સામે જોઈ મલકાય. આ જોઈ ભોપાભાઈ પણ ખુશખુશ થઈ જાય.આગળ જતાં એક એની ઉંમરનો છોકરો મળ્યો. નામ એનું ગોપો. ગોપાને ગમી ગયો આ ટોપો. ગોપાને જોઈ ભોપો વટ મારવા લાગ્યો. કહે,જોયો મારો ટોપો ?મારૂં નામ ભોપો.આ સાંભળી ગોપો કહે,મારૂં નામ ગોપો,

મને ગમ્યો ટોપો.આ સાંભળી ભોપો હરખાયો. ગોપો આગળ બોલ્યો :ટોપો છે રૂપાળો,

લાલ ફૂમતાંવાળો.ગોપાએ ભોપા પાસે ટોપો માગ્યો. 'ભાઈ ભોપા, તારે આ ટોપો વેચવો છે ?' ગોપાએ પૂછ્યું.એટલે ભોપો કહે, 'ના ભૈ ના. આ છે મારો ટોપો. એ કંઈ વેચવાનો નથી. મને ગમે છે ટોપો.' આમ કહી ભોપાએ ટોપા પર હાથ ફેરવ્યો.ભોપાને ગમતો હતો ટોપો. ગોપાનેય લેવો હતો ટોપો. ભોપાને વેચવો ન હતો ટોપો. હવે શું થાય ?થોડીવાર તો બેય વચ્ચે રકઝક ચાલી.ગોપો કહે – 'મને આપ ટોપો.'ભોપો કહે: 'ના ભૈ ના. આ તો છે મારો ટોપો' ગોપો માગે ટોપો,ડોક ધુણાવે ભોપો.ભોપાએ આમ કહી ટોપો માથેથી ઉતારી હાથમાં પકડયો. ગોપાને થયું કે ભોપો હવે ટોપો નહીં આપે. આથી એણે ટોપો છીનવી લઈને ભાગી જવાનો નિર્ણય કર્યો.ગોપાએ આમ જોયું. ગોપાએ તેમ જોયું. રસ્તામાં કોઈ આવતું ન દેખાયું. ગોપાને થયું કે સરસ લાગ છે. લાવ, ટોપો લઈને ભાગી જાઉં.આમ વિચારી ગોપાએ ખેંચ્યો ટોપો. પણ આ શું ? તે હાથમાં ન આવ્યો. કારણ ? ભોપાએ ટોપાને બરાબરનો પકડી રાખ્યો હતો. ભોપોય સમજી ગયો કે ગોપો ટોપો છીનવી લેવા માગે છે.આ જોઈ ભોપો તાડુકયો – છોડ, મારો ટોપો.'ગોપો જોરથી તાડુક્યો – નહીં છોડું હું ટોપો. ને પછી તો જોવા જેવી થઈ...ખેંચમતાણ ચાલી,ભોપો રાખે ઝાલી.ટોપાને બેય તરફથી બેય જણ ખેંચવા લાગ્યા. કોઈ કોઈને મચક આપતું ન હતું. ને ત્યાં અવાજ આવ્યો. ચ ર ર ર ર... ર. આ સાંભળી ભોપો ચમક્યો. ગોપોય ચમક્યો. બંનેએ જોયું તો ટોપામાં ચીરો પડ્યો હતો. ટોપો સહેજ ફાટી ગયેલો. આ જોઈ ભોપાએ ચીસ



પાડી. 'લ્યો, છોડ મારો ટોપો નહિતર એ ફાટી જશે.'

ગોપો ગાંજયો જાય એવો ક્યાં હતો? તે કહે, 'ભલે ફાટી જાય, પણ નહીં છોડું.' ને એ ખેંચાખેંચીમાં ટોપો ફાટી ગયો. બે ભાગ થઈ ગયા. એક ભાગ ગોપાના હાથમાં ને બીજો ભાગ ભોપાના હાથમાં ! ભોપો લાગ્યો રડવા ગોપો લાગ્યો હસવા.ફાટી ગયો ટોપો રડવા બેઠો ભોપો.ભોપો રડતો જાય ને બોલતો જાય, 'મારો ટોપો તેં ફાડી નાખ્યો, હવે હું શું પે'રીશ ?'ગોપો કહે, 'તેં ઝાલી રાખ્યો. તેથી તે ફાટ્યો. એમાં મારો શો વાંક ?' ને પછી ધીરે રહી કહે, 'તેં મને આપી દીધો હોત તો આવું ન થાત. એ હવે ન રહ્યો તારા કામનો કે ન રહ્યો મારા કામનો.' આમ બોલી અડધો ટોપો લઈ ગોપો ચાલવા માંડયો.આ જોઈ ભોપો રડવાનું છોડી ગોપાને મારવા પાછળ દોડ્યો ને ગોપોય દોડ્યો. આગળ ગોપો ને પાછળ ભોપો. ગોપો ને ભોપો. પકડાપકડી ચાલી પણ ભોપા કરતાં ગોપો હતો જબરો. તે દોડીને ભાગી ગયો ઘેર. ભોપો પાછળ રહી ગયો. તે થાકીને એક ઝાડ નીચે બેસી રડવા લાગ્યો.અડધો લઈને ટોપો

ભાગી ગયો ગોપો.અડધો લઈને ટોપો રડવા બેઠો ભોપો.ભોપાભૈ તો ધ્રુસકે ધ્રુસકે મંડયા રડવા. એ ઝાડ પર એક બુલબુલ બેઠું હતું. તેણે પૂછ્યું : 'કેમ રડો છો, ભોપાભૈ ?'ભોપો કહે, 'આ મારો અડધો ટોપો. એને શું કરૂ ? મારે આખો ટોપો જોઈએ.'બુલબુલ ઊડીને નીચે આવ્યું. તે કહે, 'ભોપાભૈ, તમે ચિંતા ન કરો. હું જાદુમંતર કરી તેને આખો ટોપો બનાવી દઈશ. ટોપો ઝાડના થડ પાસે મૂકો.' ભોપાએ થડ પાસે ટોપો મૂક્યો. બુલબુલે 'ઈબરી ખીબરી જંતર મંતર છુંઉઉઉં...' કહી ટોપા પર ચાંચ મારી ને જાદુ થયો. ટોપો હતો એવો આખો બની ગયો ! આ જોઈ ભોપો થયો રાજી. ભોપાને જોઈ રાજી, બુલબુલેય થયું રાજી. ભોપાએ બુલબુલનો આભાર માન્યો ને માથે ટોપો પહેરી લીધો.એટલામાં ત્યાં આવ્યો ગોપો. બાલદોસ્તો, ગોપો તો ઘેર ગયો હતો. કેમ ખરૂ ને ? ના ભૈ ના. એ થોડે દૂર જઈ સંતાઈ ગયેલો. એ હજી ભોપાનો તાલ જોવા રોકાયેલો. ભોપો રડતો હતો ત્યારે છાનોમાનો આવી ઝાડ પાછળ જઈ સંતાઈ ગયેલો.ગોપાએ જોયું કે બુલબુલે ચાંચ મારીને ભોપાનો અડધો ટોપો આખો કરી દીધો હતો. આ જાદુ જોઈ તેનેય થયું કે હું ય મારો ટોપો બુલબુલને આપું એટલે એય આખો થઈ જાય.આમ વિચારી ગોપો આગળ આવ્યો. બુલબુલને તે કહે : 'બુલબુલ, મારોય ટોપો આખો કરી દે ને ?'બુલબુલે ગોપા સામે જોયું. તે કહે, 'ગોપા, તારો ટોપો આખો નહીં કરી દઉં.' 'કેમ ?' ગોપાએ સવાલ કર્યો.'કારણ કે તેં અંચઈ કરી ભોપાનો ટોપો છીનવી લીધો છે. તેં જો ખેંચ્યો ના હોત તો ટોપાની આવી દશા ન થાત. ભાગ અહીંથી તને હું મદદ નહીં કરૂ.

આ સાંભળી ગોપો ખિજાયો. તેણે અડધા ટોપાનો ઘા બુલબુલ પર કર્યો. તે બુલબુલના માથા પર પડયો. તરત જ બુલબુલ ઊડીને ઝાડ પર જઈને બેસી ગયુંને ટોપોય થઈ ગયો અધ્ધર ! ગોપો તો જોતો જ રહી ગયો.


ઝાડ પર જઈ બુલબુલ કહે, 'ગોપા, તું સારો છોકરો નથી. એટલે હું તને મદદ નહીં કરૂ.' આમ કહી બુલબુલ ટોપો લઈને ઊડી ગયું. ભોપો માથે પેરી ટોપો એના ઘેર ગયોને ગોપો રડતો રડતો ઘેર ગયો.

આવો હતો ભોપો
ને આવો હતો ટોપો.
એક હતો ભોપો ને
બીજો એનો ટોપો.

('સાધના–કલરવ')

# આપણાં ઘેર રમતી ખિસકોલી

ખિસકોલી, જેને અંગ્રેજીમાં સ્કિરલ કહેવામાં આવે છે, એ એક નાના કદનું, વાઘ, બિલાડીઓના કુટુંબનું પ્રાણી છે. તેની વિવિધ જાતો હોય છે અને તે



મુખ્યત્વે વૃક્ષો પર રહે છે. ખિસકોલીના શરીર પર નરમ ફર હોય છે. તેની પૂંછડી લાંબી અને ભારે હોય છે, જે તેનું સંતુલન જાળવવામાં મદદ કરે છે.ખિસકોલી મુખ્યત્વે ફળ, બીજ, કાંઠા અને શાકાહારી ખોરાકનો ઉપયોગ કરે છે, પરંતુ કેટલીક જાતો કીડા અને નાનકડી જીવાતોના માધ્યમથી પણ પોષણ મેળવે છે.ખિસકોલીઓ ઝડપથી ચાલવામાં



નિષ્ણાત છે અને તે જંગલો અને શહેરી વિસ્તારોમાં સરળતાથી રહે છે. સામાન્ય રીતે વૃક્ષોની વચ્ચે બાંધવામાં આવેલા નીડમાં રહે છે. તે વહેલી સવારે અને સાંજે વધારે સક્રિય હોય છે.તેની જાતો ભારતીય, અમેરિકન, યુરોપિયન અને આફ્રિકન પ્રજાતિઓમાં વહેંચાયેલી છે. ખિસ્કોલી એક રસપ્રદ પ્રાણી છે અને તેના જ્ઞાનશીલ વર્તન અને તંદુરસ્ત જીવનશૈલીને કારણે તે લોકોમાં પ્રસિદ્ધ છે.ખિસકોલીને કાંઠા અને બીજ ફાડી શકાય એવા મજબૂત દાંત હોય છે, જે સતત વધતા રહે છે. તેની દૃષ્ટિ અત્યંત સારી હોય છે, જે તેને ખોરાક શોધવા અને શિકારીથી બચવા મદદ કરે છે.ખિસકોલીનું પ્રજનન વર્ષમાં એકથી બે વખત થાય છે. માદા ખિસકોલી ૨ થી ૪ બચ્ચાં ધરાવે છે. ખિસકોલીનાં બચ્ચાંઓ લગભગ ૮ અઠવાડિયાનાં થાય ત્યારે પોતાને સ્વતંત્ર બનાવવા માટે તૈયાર થાય છે.ખિસકોલી પોતાના ખોરાકને ભવિષ્ય માટે સંગ્રહ કરતી રહે છે, ખાસ કરીને શિયાળામાં.

# આ મારું ચિત્ર છે




શેખ શાહનવાજ અબ્બાસભાઈ
( ધોરણ–૭, પી.એન.વોરા વિદ્યાની કેતન રૂપાયતન)



ખુમાણ સ્નેહા પી.
(ધોરણ–૭, રૂપાયતન પ્રા.શાળા)



ધ્રૂવા દેસાઈ
( ધોરણ–૪, પ્રા.શાળા)



પ્રિયંક વિજયભાઈ ધોળકિયા
( ધોરણ–૪, રૂપાયતન પ્રા.શાળા )

# બાબરાના લુણકી ગામે પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુર્હૂત






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના લુણકી ગામના સર્વાંગી વિકાસની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો. ગામની પ્રગતિ, લોકસેવા અને પ્રશાસનને વધુ મજબૂત બનાવવા માટે થનારા નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે વિધિવત્ રીતે પૂર્ણ થયું. લુણકી ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત અનુભવી રહી હતી. નવું પંચાયત ભવન બનવાથી ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ થશે, લોકો માટે સરકારી યોજનાઓ અને સેવા મેળવનામાં સુવિધા અને પારદર્શિતા વધશે, ગામના વિકાસ સંબંધિત બેઠક, આયોજન અને તાલીમ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે, ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્‌બોધન કરતાં ધારાસભ્યએ જણાવ્યું કેરાજય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. રાજયમાં ગામોની આત્માનિર્ભરતા અને સુશાસન મજબૂત બનાવવા માટે પંચાયત ભવનોનું નિર્માણ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે લુણકી ગામ માટે આગામી દિવસોમાં અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે જેથી ગામની સુવિધાઓમાં ગતિ મળે. આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપના પ્રમુખ, ગામના સરપંચ, ગામના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. સૌએ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યોને હર્ષભેર આવકાર્યા અને ધારાસભ્યના સતત પ્રયત્નોની પ્રશંસા કરી.

## સાવરકુંડલા : પૂર્વ પ્રિન્સિપાલ ''વર્ષાબેન ખખ્ખરની રમતગમતમાં સિધ્ધિ''




સાવરકુંડલા, તા. ૨૮

બાજ ખેડાવાળ મિત્ર મંડળ સીનીયર સીટીઝન ફોરમ – અમદાવાદ દ્વારા રમત હરિફાઈ રાખવામાં આવેલ, જેમાં બહેનો અને ભાઈઓ માટે અલગ–અલગ ચાર સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલનાં પૂર્વ પ્રિન્સિપાલ વર્ષાબેન નરેન્દ્રભાઈ ખખ્ખરે લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ નંબર તેમજ સંગીત ખુરશી સ્પર્ધામાં પણ પ્રથમ નંબર મેળવી રોકડ પુરસ્કાર મેળવી સાવરકુંડલાનું નામ રોશન કરેલ. પરેશભાઈએ ઝડપી ચાલમાં દ્વિતિય નંબર મેળવી રોકડ પુરસ્કાર હાંસલ કરેલ.

ભાઈઓ માટે ચાર અને બહેનો માટે ચાર, એમ કુલ યોજાયેલ આંઠ સ્પર્ધામાં એક સાથે બે સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવવાનું ગૌરવ એકમાત્ર વર્ષાબેન ખખ્ખરને પ્રાપ્ત થયેલ,જેથી પ્રમુખ જગદીશભાઈ દવે અન્ય સર્વે હોદ્દેદારો, મંડળનાં હાજર રહેલા એક હજાર સભ્યોએ તાલીઓના ગડગડાટ વચ્ચે તેમની આ ઝળહળતી સિધ્ધિને બિરદાવી અભિનંદનની વર્ષા વરસાવેલ.

## પી.આઈ. સાળુંકેના અધ્યક્ષ સ્થાને લીલીયા મોટા : પોલીસ સ્ટેશન ખાતે લોન મેળો યોજાયો

### જુદી–જુદી મંડળીના પ્રતિનિધિ જોડાયા




લીલીા મોટા, તા. ૨૮

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે અમરેલી એસ.પી સંજય ખરાતની સૂચના અને વિભાગીય ડીવાયએસપીના માર્ગદર્શન તળે લોન મેળાનું આયોજન કરાયું જેમાં ઊંચા વ્યાજ દરે પૈસા લઈ અને દેવામાં ડૂબતા દેવાદારો એ સરકારી બેન્ક કે સહકારી મંડળીઓ પાસેથી ઓછા વ્યાજનું ધિરાણ મેળવી નિયમિત હપ્તા ભરી ઊંચા વ્યાજ દર માંથી મુક્તિ મેળવવા સહકારી મંડળી શ્રી શુભ લક્ષ્મી મંડળીના મેનેજર કમલેશ બાપુ અગ્રાવત, તેમજ ક્રિષ્ના શરાફી મંડળીના જીતુભાઈ ડી. પાઠક દ્વારા સમજ અપાઈ આ તકે આવેલ એસબીઆઈ બેંક મેનેજર હિતેષભાઈ પટેલ દ્વારા આવેલ ગ્રામજનોને સરળ તાથી લોન કેમ મળે તે બાબતે સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી આ તકે લીલીયા પીએસઆઈ વાય. એમ. જાડેજા, બગસરા શરાફી મંડળીના બ્રાન્ચ મેનેજર ધર્મેન્દ્ર ગાયજન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરામાં લીલા શાકભાજીની

ભાવ રહે તો બજારમાં ફેરિયાઓ પાસે દસ, વિસ અને ત્રીસ રૂપિયા ચડી જાય એટલે ઉંચા ભાવ થઈ જતા લોકો રાડ નાખી જાય તેવો ભાવ થઈ જાય છે. શિયાળાની હજુ શરૂઆતમાં આ ભાવ સિસકારા બોલાવે છે ત્યાં આગળ હજુ ભાવ કયાં સુધી પહોંચી જશે તેનો વિચાર પણ લોકો કરી રહ્યા છે.

યાર્ડના શાકભાજીના દલાલના જણાવ્યા અનુસાર હાલ માવઠાના કારણે શાકભાજી બગડી ગયા તેમજ લગ્ન સિઝન હોવાથી માંગ વધુ હોવાથી શાકભાજીની બજાર ગરમ છે. હાલ મધ્યમવર્ગ માટે લીલોતરી શાકભાજી ખરીદવા પોસાય તેમ નથી. ત્યારે સામાન્ય માણસ હાલ લીલોતરીની જગ્યાએ કઠોળ તેમજ સેવ જેવા શાક બનાવી એક ટક કાઢી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## મસમોટો જથ્થો ઝડપાતા ખળભળાટ

રીતે કામ કરતું હતું. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સરકાર દ્વારા મળતા સસ્તા અનાજને ગેરકાયદેસર રીતે બજારમાં વેચી નફો કમાવાની દુષ્પ્રવૃત્તિ સામે પુરવઠા વિભાગે મોટું પગલું ભર્યુ છે.

પુરવઠા વિભાગે આ જથ્થો કયા ફેર પ્રાઈસ શોપમાંથી અને કઈ રીતે બહાર લાવવામાં આવ્યો તેની પણ તપાસ શરૂ કરી છે. સાથે જ સંડોવાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આવા દરોડા થકી રેશનની હેરફેર કરતા માફિયાઓ સામે સ્પષ્ટ સંદેશો પાઠવાયો છે કે સરકારની યોજનાઓમાં ભંગ લાવનારને કોઈપણ રીતે છોડવામાં નહીં આવે.

સરકાર ગરીબોના હક્કનું અનાજ મધ્યસ્થીઓના હાથ ચડી ન જાય તે માટે પુરવઠા વિભાગ દ્વારા આગલા દિવસોમાં પણ આવી સઘન તપાસ ચાલુ રાખવામાં આવશે તેવી માહિતી સામે આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારીનાં ત્રંબકપુર ગામે

ગીદરડી ગામના યુવાન પર સિંહે હુમલો કરી દેતાં ઘવાયેલ યુવકને પ્રથમ ખાંભા અને વધુ સારવાર માટે અમરેલીનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ હતો. આ ઘટનામાં ગઈકાલે આ સિંહણને વનવિભાગે પિંજરે પુરી છે. ત્યાં ગઈકાલે સાંજનાં ધારી તાલુકાના ત્રબુકપુર ગામે દીપડાએ એક વર્ષની બાળકીને ફાડી ખાધાની ઘટનાં બનતાં ચોપગાના આંતકના કારણે જંગલ કાંઠાના વિસ્તારમાં ભયનું લખલખું પ્રસરી ગયું છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાના ત્રબુકપુર ગામે રહેતાં અને ખેતી કામ કરતાં અર્જુન નિનામાના પત્નિ ગઈકાલે સાંજનાં સમયે પોતાના રહેણાંક મકાને પોતાની બાળ કી રિન્કુને પોતાની બાજુમાં બેસાડી ચુલા ઉપર રોટલી બનાવતી હતી. તે સમયે અચાનક એક કદાવર દીપડો આવી ચડી અને માતાની નજર સામે જ બાળકીને ઉંચકીને ભાગ્યો હતો. ત્યારે પોતાની વહાલસોયી પુત્રીને બચાવવાં માટે થઈ માતાએ હાથમાં રહેલ વેલણ સાથે દીપડાની પાછળ જ દોટ મૂકી અને વેલણનો ઘા દીપડાને મારી દઈ અને મદદ માટે બુમો પાડી બાળકીને બચાવનો પ્રયત્ન કરતા આસપાસના અનેક લોકો દોડી આવેલ હતાં. પરંતુ એક બાળકીને બચાવવામાં સફળ નહીં મળતાં અને શોધખોળ કરતા થોડે દૂરથી રિન્કુ નામની બાળકી મૃત હાલતમાં મળી આવેલ અને દીપડો ઘટના સ્થળેથી ભાગી ગયેલ હતો.

આ બનાવ અંગે વન વિભાગ અને પોલીસ વિભાગને જાણ કરવામાં આવતાં વનવિભાગનો સ્ટાફ સ્થળ પર પહોંચી અને ઘટના સ્થળે અને આસપાસના સ્થળે કુલ ૭ પાંજરા મૂકવાં આવેલ અને આ માનવ ભક્ષી દીપડાને પિંજરે પુરવા અને પાંજરા મૂકવાની કવાયત હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાથી મહુવાનો માર્ગ

જેના કારણે અકસ્માતની શકયતા વધે છે.

જનતાનાં ટેકસથી બનતા માર્ગો યોગ્ય રીતે ન સુધારાયા તો સરકારની વિકાસ યોજનાઓનો લાભ સામાન્ય જનતાને મળવાની જગ્યાએ મુશ્કેલી બની જાય છે. તેમણે સંબંધિત વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરતા જણાવ્યું કે તમામ ડાયવર્ઝનમાં ડામર પાથરી વાહન વ્યવહાર સરળ બનાવવો જોઈએ. સાથે જ રોડના બાજુઓ તથા નાળાની નજીક પડેલા કડો દૂર કરી સપાટી સમાન બનાવવી જરૂરી છે.

સ્થાનિક લોકો અને ડ્રાઈવરો પણ આ સ્થિતિ સામે રોષ વ્યકત કરી રહ્યાં છે અને યોગ્ય મરામત માટે વહીવટી તંત્ર ધ્યાન આપે તેવી અપેક્ષા વ્યકત કરી રહ્યા છે. યોગ્ય સુરક્ષાની ચિંતા રાખી વિકાસકાર્ય પૂર્ણ થાય તેવી આશા સાથે તેઓ તાકીદે પગલાં લેવાય તેવી માંગ કરી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં મહિલા તબીબ સાથે

ફ્રાઈમના બનાવો ઉપર અંકુશ આવી શકતો નથી. ત્યારે અમરેલીમાં એક વધુ એક મહિલા ડોકટર આવા ઓનલાઈન ફ્રોડ કરવા વાળનાં શિકાર બન્યાં છે.

આ બનાવમાં અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર આવેલ પોસ્ટલ સોસાયટી 'જલારામકૃપા' બ્લોક નં.૫ માં રહેતાં અને વ્યવસાયે ડોકટર અપેક્ષાબેન જયભાઈ ધીરજલાલ વાઘેલા પાસે એસ .બી.આઈ.બેંકના ક્રેડીટ કાર્ડ હોય જે ક્રેડિટ કાર્ડ મહિલા ડોકટરે એકટીવેટ કરાવેલ ન હોવા છતા ગત તા.૧૪/૧૦ ના આશરે સાંજે ૫:૨૦ વાગ્યા દરમ્યાન તેણી અમરેલીના માણેકપરા વિસ્તારમાં આવેલ સ્વામીનારાયણ મંદિર પાસે અજાણ્યા આરોપીએ મો.નં. ૦૭૯૩૯૦ ૨૦૨૦૨ એ મહિલા ડોકટરના મોબાઈલમા ફોન કરી તેણીનું ક્રેડીટ કાર્ડ કેન્સલ કરાવવા માટે મહિલા ડોકટર પાસે તેણીના મમ્મીનુ નામ તથા બર્થ ડેઈટ માંગી, તેણીના વોટસએપ ઉપર મો.નં.૬૨૦૪૦ ૧૫૨૬૧ ઉપરથી એક SBI CREDIT CARD નામની apk ફાસ ફાઈલ મોકલી હતી. આ ફાઈલ ખોલતાંની સાથે જ આરોપીએ તેણીનાં ક્રેડીટ કાર્ડના ખાતામાંથી તેણીની જાણ બહાર જુદા–જુદા પાંચ ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૧,૦૬,૨૬૩નું ઓનલાઈન મહિલા ડોકટર સાથે ફ્રોડ કરી છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## મનુસ્મૃતિ પુસ્તકનુ વિતરણ

કે, ગુજરાત રાજયના ડિરેકટોરેટ ઓફ પ્રોસીક્યુશન ધ્વારા 'સંવિધાન દિવસ' નાં રોજ પરીસંવાદ નો કાર્યક્રમ અમરેલી ન્યાય મંદિર કેમ્પસમાં આવેલ ન્યુ એડવોકેટસ બિલ્ડીગમાં રાખવામાં આવેલ હતો અને જે કાર્યક્રમનું સંચાલન એ.પી.પી.ધ્વારા કરવામાં આવેલ હતુ. અને તે કાર્યક્રમમાં અમરેલીનાં ના.સેશન્સ જજ બુખારી સાહેબ તથા અન્ય મહે.જજ સાહેબો તથા એસ.પી. સંજય ખરાત તથા જિલ્લાનાં તમામ સરકારી વકીલશ્રીઓ તથા અમરેલી વકીલ મંડળનાં તમામ હોદેદારો તથા સભ્યો તથા ના.કોર્ટનો સ્ટાફ હાજર રહેલ હતો.

વધુમાં જણાવેલ છે કે, આ કાર્યક્રમનું તમામ સંચાલન એ.પી.પી. ધ્વારા કરવામાં આવેલ હતુ. અને આ કાર્યક્રમમાં આવેલ મહેમાનો તથા આમંત્રીતોને મનુસ્મૃતિ ગીફટ કવરમાં પેક કરીને આપવામાં આવેલા તેથી જે તે સમયે કોઈપણ મહાનુભાવોને કે હાજર કોઈપણ વકીલોને ખ્યાલ ન આવે તે રીતે આ મનુસ્મૃતિ નામનું પુસ્તક આપવામાં આવેલ.અને જેમાં કેટલાક વકીલ મીત્રોને પણ આ પુસ્તક આપવામાં આવેલ અને પાછળથી ખબર પડેલ કે, તમામ મહાનુભાવોને જે ગીફટ કવરમાં આપવામાં આવેલ પુસ્તક મનુસ્મૃતિ હતુ. આમ જયારે સંવિધાનનો દિવસ હોય અને સંવિધાનની વાત વકતાઓ ધ્વારા કરવામાં આવી હોય, અને તમામ લોકો એક સમાન છે. કોઈપણ ઉચ કે નીચ નથી અને કાયદાની સામે તમામ લોકો માન હોય તેવી વકતાઓએ પણ વાત કરેલ હોય, તે સમયે કોઈ વિવાદસ્પદ પુસ્તક સરકારી વકીલની કચેરી ધ્વારા મહેમાનોને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ છે.

ઉપરોકત તમામ હકીકતો ને લક્ષમાં લઈને, તા.૨૬/૧૧/૨૦૨૫ નાં રોજ 'સંવિધાન દિવસ'નાં રોજ અમરેલી ડીસ્ટીક કોર્ટમાં, થયેલ કાર્યક્રમમાં ડો.બાબા સાહેબનું અપમાન કરવાના ઈરાદે કરાયેલા કૃત્યમાં બુક (મનુસ્મૃતિ) વિતરણ સબંધે, સબંધિત સરકારી વકીલ સામે યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૩૦ | ૭૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૩૦ | ૧૨૧૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૦૦ | ૧૨૯૯ |
| ૪ | શિંગ મોટી | ૭૫૦ | ૧૩૬૭ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૭ | તલ સફેદ | ૧૧૪૦ | ૨૫૪૫ |
| ૮ | તલ કાળા | ૨૫૦૦ | ૫૬૪૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૩૪૫ |
| ૧૦ | બાજરો | ૩૩૨ | ૩૯૪ |
| ૧૧ | જુવાર | ૩૬૦ | ૧૦૭૫ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૭ |
| ૧૩ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૭૭ |
| ૧૪ | મગ | ૧૨૨૦ | ૧૩૩૩ |
| ૧૫ | અડદ | ૮૫૦ | ૧૦૯૬ |
| ૧૬ | ચણા | ૮૯૦ | ૧૧૨૬ |
| ૧૭ | સફેદ ચણા | ૯૭૫ | ૧૦૩૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૦૮૫ | ૧૬૦૧ |
| ૧૯ | વટાણા | ૧૭૦૫ | ૧૭૦૫ |
| ૨૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨૧ | કપાસ | ૭૦૦ | ૧૫૮૦ |
| ૨૨ | એરંડા | ૧૦૮૩ | ૧૨૮૪ |
| ૨૩ | જીરૂ | ૩૩૯૦ | ૩૯૨૫ |
| ૨૪ | ધાણા | ૧૧૨૫ | ૧૯૪૫ |
| ૨૫ | મેથી | ૧૦૨૧ | ૧૦૯૭ |
| ૨૬ | સોયાબીન | ૫૫૦ | ૮૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૩૦ | ૧૪૬૧ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૧૯૫ |
| ૩ | મગફળી | ૮૦૦ | ૧૨૬૦ |
| ૪ | ઘઉં | ૫૨૬ | ૫૫૫ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૬ | સફેદ ચણા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૭ | એરંડા | ૧૧૩૧ | ૧૨૨૬ |
| ૮ | કલોંજી | ૪૦૦૦ | ૪૧૦૦ |
| ૯ | તલ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૧૦ | તુવેર | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૧ | ધાણા | ૧૦૫૦ | ૧૬૯૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૩ | મગ | ૧૫૫૫ | ૧૫૫૫ |
| ૧૪ | સોયાબીન | ૭૫૧ | ૮૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૨૦૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૬૫ |
| ૪ | તલ કાળા | ૪૦૭૦ | ૫૪૨૫ |
| ૫ | જીરૂ | – | ૩૮૬૧ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૯૦ |
| ૯ | જુવાર | ૧૧૮૧ | – |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૩૧૮ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૧૦૨ |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ૧૩ | સોયાબીન | ૮૫૦ | ૮૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૦ | ૧૫૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૮૮૦ | ૧૨૦૦ |
| ૩ | મગફળી | ૧૦૦૪ | ૧૩૨૬ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૫ | ૨૦૯૫ |
| ૫ | જીરૂ | ૩૦૮૫ | ૪૦૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૪ | ૫૫૬ |
| ૭ | ચણા | ૯૯૦ | ૧૦૯૦ |
| ૮ | અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ૯ | સોયાબીન | ૮૦૫ | ૮૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૭૬ |
| ૪ | અડદ | ૯૦૦ | ૧૧૩૧ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૨૦ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૮૫૧ |
| ૭ | મેથી | ૭૦૦ | ૯૪૦ |
| ૮ | લસણ | ૪૦૧ | ૫૨૦ |
| ૯ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૪ | ૮૮૦ |
| ૧૧ | જુવાર | ૩૬૦ | ૩૬૦ |
| ૧૨ | મગફળી | ૬૦૦ | ૧૦૮૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૪ | તલ કાળા | ૩૬૨૫ | ૩૬૩૦ |
| ૧૫ | સીંગફાડા | ૯૦૦ | ૧૨૦૫ |

સંકુલ ફાર્મસી કોલેજ સ્ટાફ જોઈએ છે.
* સંકુલ ફાર્મસી કોલેજ માટે લેડીઝ અથવા જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે.
PCI - GTU નાં નિયમની લાયકાત ધરાવનારે રૂબરૂ સંપર્ક સાધવો
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી Ad 131

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૧૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૩ | કપાસ | ૯૫૦ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૩૬૫ | ૫૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૦ |
| ૬ | જુવાર | ૮૧૦ | ૯૮૦ |
| ૭ | અડદ | ૫૦૦ | ૭૩૧ |
| ૮ | ચણા | ૯૭૧ | ૯૭૧ |
| ૯ | સોયાબીન | ૫૬૧ | ૮૪૦ |

### રૂ.૧૯ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ સહાયતા પેકેજ અંતર્ગત વળતર માંગ્યું

# અમરેલી જિલ્લામાં ૨૫,૦૦૦થી વધુ ખેડૂતોના ખાતામાં રૂા. ૭૫ કરોડથી વધુની સહાયતા રકમ જમા થઈ

**ગ્રામ સેવક, ખેતીવાડી અને વહીવટીતંત્રના તાલુકા સ્ટાફ દ્વારા દિવસ-રાત વેરીફીકેશન કામગીરી**



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાની માટે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર આવ્યું છે. જેના માટે હાલ તમામ અમરેલી ગ્રામ પંચાયત અને શહેરી વિસ્તારમાં કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે જોગવાઈ મુજબ વી.સી.ઈ મારફત નુકસાની થઈ હોય તેવા ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી તારીખ. ૧૪/૧૧/૨૦૨૫ થી શરૂ થયેલી છે, જે આજ રોજ પૂર્ણ થવામાં છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨૫ હજારથી વધુ નુકસાન ગ્રસ્ત ખેડૂતોને ૭૫ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફત સીધી અરજદારના આધાર લિંક બેંક ખાતામાં જમા કરી દેવામાં આવી છે અને જેમ જેમ અરજીઓનું વેરીફીકેશન થશે, તેમ ખેડૂતોને ચુકવણું કરવામાં આવી રહ્યું છે.

જિલ્લાના તમામ અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં ખેડૂતો દ્વારા આ અરજીઓ કરવામાં આવી છે. આજદિન સુધી સમગ્ર જિલ્લામાં એકંદર કુલ ૨ લાખ ૧૯ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોએ પાક નુકસાનીની સહાયતા મેળવવા બદલ વી.સી.ઈ મારફત ઓનલાઈન અરજીઓ કરી છે.

આ અરજીઓમાં અરજદાર તરફથી રજૂ થયેલા સાધનિક ડોક્યુમેન્ટ અને વિગતોની ચકાસણીની કામગીરી ગ્રામસેવક અને તાલુકા સ્ટાફ મારફત કરવામાં આવી રહી છે. હાલના તબક્કે ૮૧ હજાર અરજીઓની ચકાસણી દિવસ-રાત કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર ખેડૂતોના હિતાર્થે રૂા. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે અને રૂા. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે જણસોની ખરીદી કરવામાં આવી છે. જગતના તાતની પડખે સંવેદના રાખી રાજ્ય સરકારે આફતની ઘડીમાં બનતી ત્વરાએ રાહત સહાય પહોંચાડવા માટે પ્રયાસો કર્યા છે. જેમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે. તેમ જિલ્લા ખેતીવાડી વિભાગની એક યાદીમાં જણાવાયું છે.

### ICA-APના અધ્યક્ષ પદ પર નિયુક્તિ થતા ડો. ચંદ્રપાલસિંહ યાદવને અભિનંદન પાઠવતા યુવા નેતા મનીષ સંઘાણી



અમરેલી, તા. ૨૮

શ્રીલંકા કોલંબો ખાતે ચાલી રહેલ ૧૭ મી ઈન્ટરનેશનલ કોપરેટીવ એલાયન્સ એશિયા અને પેસેફિક (ICA-AP) પ્રાદેશિક સભામાં ભારત દેશના સહકારી તાનું ગૌરવ વધારતા ડો. ચંદ્રપાલ સિંહ યાદવજીની અધ્યક્ષ પદ પર સતત બીજી વખત નિયુકિત થયેલ હતી ત્યારે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા શ્રીલંકા કોલંબો ખાતે ડો. ચંદ્રપાલ સિંહ યાદવજીને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા અને સહકારી પ્રવૃત્તિમાં મહિલા, યુવા છેવાડાના માનવી સુધી પહોંચી વ્યાપ વધારી સૌ સાથે નવી આવનારા સમયમાં સહકારી પ્રવૃત્તિ આધાર સ્તંભ બની ઊભરી આવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### સાવરકુંડલાનાં મેકડા ગામે સ્વામીનારાયણ મંદિરમાં ઉજવાયેલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના મેકડા ગામે નવા બંધાયેલ ગઢડા તાબાના સ્વામિનારાયણ મંદિરમાં આચાર્ય અજેન્દ્ર પ્રસાદ તથા ભાવિ આચાર્ય લાલજી મહારાજ, ગઢડાના SP સ્વામીનારૂડા આર્શીવાદથી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪/૧૧/૨૦૨૫ થી તા. ૨૬/૧૧/૨૦૨૫ સુધી આસ્થા તથા ઉમંગથી ઉત્સાહભેર ઉજવાયો હતો.

ત્રણ દિવસના આ મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ રૂદ્રી વાંચનથી આ કાર્યક્રમનો શુભારંભ થયો હતો. તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ યજ્ઞ, નગર યાત્રા, ધર્મકુળનું આગમન અને સત્સંગ સભા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અને કાર્યક્રમના છેલ્લા દિવસે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં સમાપનમાં મહાપ્રસાદનું સેના માટે આયોજન થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્લોકના દાતા લખાણી પરિવાર, માણકી (ઘોડી)ના દાતા મહેશભાઈ લખાણી, રસોઈના દાતા નરસિંહભાઈ અકબરી પરિવાર તેમજ અલગ-અલગ દાતાઓના સહયોગથી આ કાર્યક્રમ સફળ થયો હતો. ઉપરાંત સેવા કાર્યક્રમમાં જોડાયેલા ભગવાનભાઈ રંગોળીયા, પરશોતમભાઈ સાવલિયા, ધીરૂભાઈ રાણપરીયા, ભોળાભાઈ રાણપરીયા, શામજીભાઈ અકબરી, પ્રવિણભાઈ માલાણી, ગોબરભાઈ હિરપરા, ભીખાભાઇ રાણપરીયા, બાબુભાઈ રાણપરીયા, મનુભાઈ અકબરી, કનુભાઈ અકબરી, રમેશભાઈ લખાણી, બાબુભાઈ રંગોળીયા, રણછોડભાઈ રાણપરીયા, ચીમનભાઈ અકબરી, વિનુભાઈ માકાણી, ઘનશ્યામભાઈ સાવલિયા, સુનિલભાઈ અકબરી, નાથાભાઈ ગેડીયા, હરિભાઈ ખસીયા, અમરેલી, ગઢડા અને સાવરકુંડલાની સાખ્યયોગી બહેનો તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે અતિથિ વિશેષ તરીકે પધારેલ મેકડા લાલજી મંદિરના મહંત સેવાદાસબાપુ આ તમામ લોકોના સાથ સહકારથી સમગ્ર કાર્યક્રમ ખુબ જ સારી રીતે સંપન્ન થયો હતો એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

### સાવરકુંડલા ખાતે યોજાયેલ બીજ મંત્ર યજ્ઞ



સાવરકુંડલા, તા. ૨૮

શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા ખાતે યોજાયેલ ગોપાળાનંદ સ્વામી કૃત બીજ મંત્ર યજ્ઞ તારીખ. ૧૮/૧૧/૨૫ થી તારીખ. ૨૮/૧૧/૨૫ સુધી યોજાયેલ. આ બીજ મંત્ર યજ્ઞ ગુરૂકુળ સંસ્થાનાં વરિષ્ઠ સંત અ. નિ. હરિહર સ્વામીજીના પુણ્યાર્થે ગુરૂકુળના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીનાં સંકલ્પ થકી રાખવામાં આવેલ જેમાં જુનાગઢના વિદ્વાન આચાર્ય રવિન્દ્રભાઈ જોષી સાથે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા આજરોજ મહા અનુષ્ઠાન પૂર્ણ કરવામાં આવેલ. આ અગીયાર દિવસના અનુષ્ઠાનમાં સપૂર્ણ સેવા તથા તમામ જવાબદારી ગુરૂકુળ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુકત દાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. આજના પૂર્ણાહુતિના રોજ ગુરૂકુળ સંસ્થાના ટ્રસ્ટી ઘનશ્યામભાઈ કણકોટિયા ખાસ પધારેલ સાથે ગરૂકુળ શાળાના તમામ શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### હરીપર પ્રાથમિક શાળાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં નામ રોશન થયું



અમરેલી, તા. ૨૮

લીલીયા તાલુકા કક્ષાનો પાંચતલાવડા મુકામે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ હતું. જેમાં બે કૃતિમાં સમા અમન આર. અને દર્શિકા ડી. રાઠોડ તેમજ તૃપ્તિ બી. વાઘેલા ધો.૮ અને કરિશ્મા આર. ગોગદાણી ધો.૭એ ભાગ લીધો હતો. તે પૈકી એક કૃતિ આગામી સમયમાં અમરેલી જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે, જેનો શ્રેય અને ગૌરવ હરિપર પ્રા. શાળા પરિવાર ગ્રામજનોના ફાળે જાય છે.

આગામી સમયે સમગ્ર લીલીયા તાલુકાનું ગૌરવ વધારતા બાળ વૈજ્ઞાનિકો તૃપ્તિ બી. વાઘેલા ધો. ૮, કરિશ્મા આર. ગોગદાણી ધો.૭ અને માર્ગદર્શક શિક્ષક રાજેશભાઈ પાનસુરીયાએ શુભેચ્છા પાઠવી હતી.

### અમરેલી એટલે ગુજરાતી કવિતામાં અનોખું સ્થાન ધરાવતું નગરને પંથક

# અમરેલી : કવિ રમેશ પારેખના જન્મદિનની સાહિત્ય ગોષ્ઠિ દ્વારા ઉજવણીને વૈશ્વિક ભાવાંજલી અર્પણ કરવામાં આવી

**ઓનલાઈન સહજ સંવાદમાં કવિ વકતા કેતન કારિયાએ ર.પા.ની કાવ્યસૃષ્ટિમાં ભાવવિહાર કરાવ્યો**



અમરેલી, તા. ૨૮

તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૫ને ગુરૂવારે રાત્રે ૯ કલાકે અમરેલીનું સાહિત્ય જગત એના ગૌરવશાળી કવિ સર્જક રમેશ પારેખને જન્મદિન પર સ્મરણાંજલિ રૂપ એમના સર્જન પર સહજ સંવાદ ઓનલાઈન ઉપક્રમ આયોજિત કર્યો હતો. જેની આગોતરી જાણ સર્વત્ર સર્જકો, ભાવકો , રમેશ પારેખની કવિતા ચાહકોને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવી હતી.

આ ઓનલાઈન બેઠકમાં કવિ રમેશ પારેખની સર્જકતા વિશે જામનગરથી યુવા કવિ વક્તા ડો. કેતન કારિયાએ કવિ રમેશ પારેખના સ્મરણ..જીવન ...ને જેનામાં લયનો હિલ્લોળ છે એવી એમની લોકભોગ્ય કવિતાઓ વિશે રસપ્રદ છણાવટ કરી હતી.

પ્રારંભે સંવાદના સંયોજક પરેશ મહેતાએ સહુને આવકારી સાહિત્ય ગોષ્ઠિની પૂર્વભૂમિકા રજૂ કરી હતી.

આ તકે પ્રસિધ્ધ કવિ ભરત વિંઝુડા, વિવેચક વાર્તાકાર ડો. ગુણવંત વ્યાસ, સાહિત્યકાર કાલિન્દી પરીખ, વડીલ કવિ ઉમેશ જોષીએ યુવા વક્તાને પ્રોત્સાહક પ્રતિભાવ આપી પૂરક ગોષ્ઠિ દ્વારા કવિતાની સહજ સંવાદની રસધાર કરી હતી.

કવિ ગોપાલ ધકાણના રસાળ સંચાલન સાથે જોડાયેલ ભાવકોએ પણ હોંકારો આપી સહજ સંવાદ કર્યો.

અમરેલી પંથક ઉપરાંત ભારતના અન્ય શહેરોથી ભાવકો જોડાયા હતા.અમરેલી પંથકનો ઉમળકાભેર હોંકારો તો હોય જ. સહુ સર્જકો ભાવકો જે જોડાયા એમાં કવિ રમેશ પારેખનો પરિવાર માંથી ખાસ રસીલાબેન પારેખ. પુત્ર નીરજ અને પુત્રી નેહા જોડાઈને ગોષ્ઠિને ગરિમા બક્ષી હતી.

અમરેલીની જાણીતી સાહિત્ય સંસ્થા 'સંવાદ' તેમજ 'શબ્દસમિધ' ઉપરાંત રીડર્સ કલબ જામનગરની શુભેરછાઓ સાથે સફળ ને સાર્થક ઓનલાઈન બેઠક સંપન્ન થઈ હતી.

ઉત્સાહભેર જોડાયેલ સર્જકો ભાવકોમાં સર્વ બાળકિશન જોગી , મુકેશ જોગી , દિવ્યા સોજીત્રા , વિહંગ વ્યાસ, સંજય ઉપાધ્યાય, ભારતીબેન ભંડેરી, વૈશાલી રાડિયા, પ્રકાશ દવે , પ્રકાશ જોષી, પંકજ ચૌહાણ ,ફિરોઝ હસનની, કૃપા ઓઝા, વિનોદ રાવલ, નિરૂપા ટાંક, જાગૃતિ રાજયગુરૂ, નિધિ મહેતા, પરેશ જાની, ઉદય દેસાઈ, ચેતના બાઝક, હરગોવિંદ પંડયા, પિયુષ જોટાનિયા, મેહુલ જયાની , ડો. નીતિન પીઠડીયા , નરેશ દેવમુરારી, અશોક જોશી , જૈમિન જોશી, અભિષેક ઠાકર, સલીમ શેખ, ઉમેશ ચાવડા, વિમલ અધ્યારૂ ,પાયલ જોષી, સહિત બહોળી સંખ્યામાં જોડાઈને ગોષ્ઠિને માણી હતી.

નક્કી થયાથી લઈને ઉપક્રમ સંપન્ન થયા સુધીનું પ્રચાર પ્રસાર સહિતનું સંકલન અમરેલીના પરેશ મહેતાએ કર્યું હતું.

બેઠકના વિરામ બાદ ઉત્સાહ.લાગણી.ઉમળકાભેર સહુએ પહેલા.ત્યારે.ને પછી પ્રતિભાવ આપ્યો છે ને હજી મળી રહ્યા છે એ બદલ સહુ પ્રત્યે આયોજકો વતી કવિ ગોપાલ ધકાણ દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

### પોલીસ સ્ટેશન મુજબ પોસ્ટિંગના ભાવ બોલાય છે

# ભાજપનાં રાજમાં હપ્તાખોર પોલીસનું પ્રમોશન અને ઈમાનદાર પોલીસ ડીમોશન

**ગરીબોનુ બુલડોઝર દાદાની સરકાર પર ચાલશે : અમિત ચાવડા**



અમદાવાદ, તા. ૨૮

જન આક્રોશ યાત્રાના આઠમા દિવસની શરૂઆત બાઈક રેલી સ્વરૂપે ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાંથી કરવામાં આવી. ત્યારબાદ ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાંથી પસાર થતી યાત્રા પેથાપુર પહોંચી, જયાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું. તે પછી યાત્રા માણસા, ગ્રામ ભારતી, લોદરા માર્ગે મહુડી તરફ આગળ વધી. માર્ગમાં ઠેર-ઠેર સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉમળકાભેર યાત્રાનું સ્વાગત કર્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપના રાજમાં વિસ્તારની નદીઓમાં ગેરકાયદેસર ખનન થઈ રહ્યાં છે, ગરીબ લોકોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જેવા શહેરમાં ચોમાસામાં સેક્ટરોના રસ્તાઓ ધોવાઈ જાય છે, ભૂવાઓ પડે છે. નગરપાલિકા અને મહા નગર પાલિકાઓ ભ્રષ્ટાચારનું AP સેન્ટર બની ગઈ છે. યુવાઓને રોજગાર મળી રહ્યો નથી, જેથી લોકો કોઈપણ ભોગે વિદેશ જવા મજબૂર થઈ રહ્યા છે અને ત્યાંથી પણ હથકડીઓ પહેરાવીને ડિપોર્ટ કરવામાં આવે છે, છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. સરકારે આ મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે.

દિલ્હીના રિમોટ કંટ્રોલથી ચાલતી આ સરકારને માત્ર હપ્તાબાજીમાં જ રસ છે. આ સરકાર ઈમાનદાર ઓફિસરોને સાઈડ પોસ્ટિંગ આપે છે અને પોતાના લોકોની તિજોરી ભરે એવા બેઈમાન અધિકારીઓને મનગમતી પોસ્ટિંગ આપે છે. દારૂ-ડ્રગ્સના પૈસાથી પોતાની તિજોરી ભરતી આ સરકાર ગુજરાતના યુવાઓના ભવિષ્ય સાથે રમે છે.ગુજરાતમાં ભાજપ ખેડૂતો સાથે અન્યાય કરે છે, સહાયના નામે પડીકું આપે છે, ફિક્સ પે, કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના નામે શોષણ કરે છે. અને જો કોઈ લોકો હક્ક-અધિકાર માંગવા ગાંધીનગર આવે, તો એમને ધક્કા મારીને પકડી લઈ જાય છે, વિરોધ પણ કરવા દેતા નથી.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે ૧૯૮૬-૮૭-૮૮માં દુષ્કાળ પડ્યો ત્યારે રાજયમાં કોંગ્રેસની સરકાર હતી અને સરકારે ટ્રેનના ટેન્કરોમાં પાણી ભરી રાજયના અલગ-અલગ વિસ્તારોમાં મોકલ્યું હતું. કોઈને તરસવાથી મરવા ન દીધા. જયારે આજે ભાજપના રાજમાં પણ કન્ટેનરો આવે છે, પરંતુ એમાં પાણી નહીં, દારૂ હોય છે. અમે આનો વિરોધ કર્યો તો અમારી યાત્રામાં તેમના માણસોને વિરોધ કરવા મોકલ્યા. હું એમને કહેવા માંગું છું કે જો હિંમત હોય તો દારૂ-ડ્રગ્સના અડ્ડાઓ બંધ કરાવો. જન આક્રોશ યાત્રા બમણા જોશ સાથે આખા રાજયમાં આગળ વધશે.

આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી, રાજયસભાના પૂર્વ સાંસદ અમીબેન યાજ્ઞિક, રાષ્ટ્રીય સેવાદળ ચેરમેન લાલજીભાઈ દેસાઈ, એઆઈસીસી સેક્રેટરી અને પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, શહેર પ્રમુખ શકિતભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, હિમાંશુભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, નિશિત વ્યાસ, જગતભાઈ શુક્લ, SC વિભાગના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા, વરિષ્ઠ આગેવાનો તથા મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિ નોંધાઈ હતી.

### સાવરકુંડલા : કન્ઝ્યુમર અવેરનેસ કાર્યક્રમ સેમિનાર યોજાયો





સાવરકુંડલા, તા. ૨૮

કણકિયા કોલેજ સાવરકુંડલા ખાતે આજરોજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કન્ઝ્યુરમ કાર્યક્રમ સેમિનાર યોજાયો લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા કાણાકીય કોલેજ ખાતે કણકીયા કોલેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી મિત્ર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના સેક્રેટરી મયંકભાઈ ગોસાઈ, બીપીનભાઈ બેલાણી, સાવરકુંડલાના સાઈબર ક્રાઈમના પી.આઈ કુંગાસીયા, કણકીયા કોલેજના પ્રિન્સિપાલ રવૈયા, BSNL, jio, Airtel, કંપનીના પ્રોવાઈડર, કમલભાઈ શેલાર, હિતેશભાઈ નિમ્બાર્ક, જતીનભાઈ બનજારા, અશોકભાઈ અગ્રાવત, તેજસભાઈ પડયા, રોનકભાઈ પડયા, તેમજ કાણકિયા કોલેજના વિદ્યાર્થીઓને સુંદર હાલના સમયમાં ખૂબ જ સાયબર ક્રાઈમ વધવા લાગ્યો છે તેમની યોગ્ય માહિતી પૂરી પાડી હતી અને દરેક વિદ્યાર્થીઓને આ સેમિનારથી ખૂબ જ જાણવા મળ્યું હતું કે મોબાઈલની દુનિયામાં આપણે કેવી રીતે સતર્ક રહેવું પડે તેની દરેક કંપનીના પ્રોવાઈડેરોએ માહિતી પૂરી પાડી હતી સમગ્ર કાર્યક્રમનું સુંદર મજાનું આયોજન કણકીયા કોલેજના શિક્ષક ગણો તેમજ લાયન્સ ક્લબના શિક્ષક જતીનભાઈ બનજારા દ્વારા સુંદર કામગીરી કરીને કાર્યક્રમના સફળ બનાવ્યો હતો.

### ભાજપ સરકારનાં અણઘડ વહીવટ અને નીતિનાં કારણે

# ગુજરાતમાં ખેડૂતો, સામાન્ય નાગરિકો અને ફરજ પરનાં કર્મચારીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીનાં શાબ્દિક પ્રહારો**

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં SIR કામગીરી દરમિયાન વધુ એક બીએલઓ(બૂથ લેવલ ઓફિસર)નું નિધન અંગે ભાજપ સરકારના અણઘડ વહીવટ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજયની ભાજપ સરકારના અણઘડ વહીવટ અને નીતિના કારણે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને ફરજ પરના કર્મચારીઓએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આજે મહેસાણામાં શાળાના આચાર્ય એવા બીએલઓનું કામગીરી દરમિયાન અતિશય ભારણના કારણે હાર્ટ એટેકથી નિધન થવું એ તંત્રની વધુ એક ઘોર બેદરકારીનું પરિણામ છે. ભૂતકાળમાં પણ ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા સામેના આંદોલન કરી રહેલા ખેડૂતોમાંથી ૭૫૦ જેટલા ખેડૂતો શહીદ થયા. ઉતાવળે અને અવિચારી રીતે કરાયેલી નોટબંધીના કારણે બેંકોની લાંબી લાઈનોમાં ઊભા રહેલા ૧૧૦થી વધુ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા. હાલમાં ચાલી રહેલી SIR કામગીરીનું ઉતાવળું અને અવ્યવસ્થિત અમલીકરણ બીએલઓ માટે માનસિક ત્રાસનું કારણ બની રહ્યું છે. સમગ્ર દેશમાં ૨૭થી વધુ અને ગુજરાતમાં જ ૫ થી વધુ બીએલઓના નિધન થયા છે, જેમાં એક બીએલઓએ તો મરણ ચિઠ્ઠી લખીને આત્મહત્યા કરવા મજબૂર થવું પડ્યું હતું. ત્રણ કાળા કાયદા, નોટબંધી અને હવે SIRએ ભાજપ સરકારનું અવિચારી પગલું જે ખેડૂતો, નાગરિકો અને ફરજ પરના કર્મચારી માટે ઘાતક સાબિત થઈ રહ્યું છે.

૧૨ રાજયોમાં ચાલી રહેલી જઈઈનની કામગીરીમાં બીએલઓ પર અતિશય કામનું ભારણ છે. તેમને અધિકારીઓના મૌખિક સૂચનાઓ અને દબાણનો સામનો કરવો પડે છે, જયારે નેટવર્ક કનેક્ટિવિટીનો અભાવ જેવી મૂળભૂત સમસ્યાઓ પ્રત્યે તંત્ર ગંભીર મેન સેવી રહ્યું છે. વારંવારની રજૂઆતો છતાં, વ્યવસ્થાના અભાવે, આયોજનના અભાવે અને સરકારની નીતિ-નિયતના અભાવે નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. ભાજપ સરકાર માત્ર ચિંતન શિબિરના નામે નાટક કરવાનું બંધ કરે અને ખરેખર બીએલઓના નિધન પર ચિંતા કરે. ખાલી કેબિનેટમાં ચર્ચા કરવાથી નહીં ચાલે, હકીકતમાં જમીન પર માનવ સંસાધનની વ્યવસ્થા આપવી જોઈએ. SIRના નામે દેશમાં અફરાતફરી મચાવી દેવામાં આવી છે. સમગ્ર દેશમાં ૨૭ જેટલા બીએલઓએ હાર્ટ એટેક, અસહ્ય તણાવ અને આત્મહત્યાના કારણે જાન ગુમાવી છે. SIR કોઈ સુધારો નહીં, પરંતુ થોપાયેલું અત્યાચાર છે. ચૂંટણી પંચે એવો તંત્ર ઊભું કર્યુ છે જેમાં નાગરિકોને પોતાના જ નામ શોધવા માટે ૨૨ વર્ષ જૂની મતદારયાદીના હજારો સ્કેન કરાયેલા પાનાં એક-એક કરી તપાસવા પડે છે. હેતુ સ્પષ્ટ છે કે સાચા મતદારોને થાકી જવા દેવા અને વોટ ચોરીને બેફામ ચાલુ રાખવા. ભારત આખી દુનિયામાં અદ્યતન સોફટવેર બનાવે છે, પણ ભારતનું ચૂંટણી પંચ આજે પણ કાગળોના પર કામ કરી કેમ દેશને પાછળ ઠેલી રહી છે ? ડિજિટલ, સર્ચેબલ અને મશીન-રીડેબલ યાદીઓ કેમ મળતી નથી ? ભાજપ સરકારની નીતિ અને નિયત નથી. ચુંટણી આયોગ ૩૦ દિવસની ઉતાવળમાં કરવાને બદલે પૂરતો સમય લઈને પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની જરૂર હતી. SIR એક વિચારેલી ચાલ છે જયાં નાગરિકોને ત્રાસ આપવામાં આવે છે અને બીએલઓના પ્રાણઘાતક દબાણને ''કોલેટરલ ડેમેજ'' કહી અનાદરભરી રીતે અવગણવામાં આવે છે. આ નિષ્ફળતા નથી આ ષડયંત્ર છે. સત્તા બચાવવા માટે લોકશાહીની બલિ ચઢાવવામાં આવી રહી છે. ચૂંટણીપંચે તાત્કાલિક ધોરણે કામના ભારણને હળવું કરવા માટે નક્કર વ્યવસ્થા કરવી જોઈએ અને મૃતક બીએલઓના પરિવારજનોને યોગ્ય વળતર અને સહાય પૂરી પાડવામાં આવે, તેવી ગુજરાત કોંગ્રેસ માંગણી કરે છે.

**શિક્ષક/શિક્ષિકા જરૂર છે.**

ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટયુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.

સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
❖ હૃદયના એટેકની સારવાર ❖ તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન),વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ. ❖ ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર ❖ બધા પ્રકારના વા ની સારવાર ❖ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર ❖ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ❖ ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર ❖ પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. ❖ નસના દુઃખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. ❖ પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮



ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin &
Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની ગૃહિણીઓ એક સાંધેને તેર તૂટેની સ્થિતિમાં

# બાબરામાં લીલા શાકભાજીની આવક પુષ્કળ : ભાવ આસમાને

**ગુવાર, તુરિયા, વટાણા, વાલનો ભાવ કિલોનાં રૂપિયા ૧૦૦ની આસપાસ પહોંચ્યો**

**ટામેટા, ચોળી, ફ્લાવર, રીંગણાનાં ભાવ રૂપિયા ૫૦ની આસપાસ**

**એક તરફ માવઠાનો માર અને બીજી તરફ લગ્નની મોસમથી શાકભાજીનાં ભાવમાં તેજી**

**માર્કેટયાર્ડમાં થતી હરરાજીમાં પણ ઊંચા ભાવ જોવા મળ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરામાં લીલા શાકભાજીનો ભાવ આસમાને પહોંચી જતા સામાન્ય માણસના બજેટ લીલોતરી શાકભાજી પરવડે તેવા ભાવ નહિ રહેતા લોકો કઠોળ તેમજ સેવ જેવા શાક બનાવી ટક કાઢવાની પરિસ્થિતિ સર્જાય છે. શિયાળાની ઋતુમાં આમ તો દરેક પ્રકારના લીલા શાકભાજી મળી રહે છે પણ ભાવ ઊંચા રહેતા સામાન્ય માણસના ખિસ્સાને પરવડે તેવા હાલ ભાવ નથી.

યાર્ડમાં થતાં શાકભાજીની હરાજીમાં ઉંચા ભાવ બોલાયા હતા જેમાં ગુવાર રૂા. ૧૨૦, તુરિયા રૂપિયા ૭૦, વટાણા રૂપિયા ૭૦, આદુ રૂપિયા ૭૦, ચોળી રૂા. ૪૦, ફ્લાવર રૂપિયા ૪૦, લીલું લસણ રૂપિયા ૬૦, રીંગણા રૂપિયા ૫૦, ટામેટા રૂપિયા ૫૦, વાલ રૂપિયા ૭૦ જેવો દરેક શાકભાજીનો ભાવ રહ્યો હતો. જો યાર્ડમાં આટલો

અનુસંધાન પાના ૬ ઉપર

**રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર મારફત રાજ્યપાલને આવેદનપત્ર પાઠવ્યુ**

## અમરેલીમાં દલિત સમાજનાં આગેવાનોએ જીજ્ઞેશ મેવાણીની તરફેણ કરી ગૃહમંત્રીનુ રાજીનામુ માંગ્યુ

**દારૂ, ડ્રગ્સ જેવા દુષણો સામે કડક કાર્યવાહીની માંગ**



અમરેલી, તા. ૨૮

થરાદ ખાતે કોંગી ધારાસભ્ય જગ્નેશ મેવાણી દ્વારા પોલીસ પર દારૂ, જુગાર અને ડ્રગ્સ મામલે કરેલા તાર્કિક આરોપો બાદ હાલ લોકમથામણ વધેલી છે. આ મામલે પોલીસ તંત્ર અને જિલ્લાકીય અધિકારીઓએ મેવાણી માટે કડક અભાગ્ય વ્યકત કરીને તેમના નિવેદનનું તારણ આપ્યું હતું. જોકે, આજે અમરેલીમાં દલિત સમાજ દ્વારા મોટા સંખ્યામાં એકત્ર થઈ કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું જેમાં મેવાણી–પક્ષના સમર્થન સાથે પોલીસ મામલે પુનઃ તપાસ, અને દારૂ– જૂગાર–ડ્રગ્સ જેવી ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ માટે તપાસ અને સજાના માંગ કરાઈ છે.

આવેદનપત્રમાં જણાયું છે કે મેવાણીનાં ‘‘આગે વધો, હમ તુમ્હારે સાથે છે’’ તથા ‘‘જય સંવિધાન, જય ભીમ’’ જેવા નારો સાથે દલિત સમુદાય તેમના મુદે અમુક ભરોસો દર્શાવે છે. તેઓ જણાવે છે કે પોલીસ જેફતા દારૂ, જુગાર અને ડ્રગ્સની પ્રવૃતિ છુપાવી, સામાજિક ગુનાઓને હળવું બનાવી દે છે. આવેદનપત્રે રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીનાં રાજીનામાની પણ માંગ કરી છે.


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી–૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫


**બગસરાનાં હામાપુર, ખાંભાનાં ગીદરડી બાદ સતત ત્રીજી ઘટના**

## ધારીનાં ત્રંબકપુર ગામે ખુંખાર દીપડાએ એક વર્ષની બાળકીને ફાડી ખાધાની ઘટના બનતા ફફડાટ ફેલાયો

**ગણતરીનાં દિવસોમાં રાની પશુઓનાં હુમલાની સતત ત્રીજી ઘટના બની**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં સિંહ,દીપડા, શિયાળ તથા વરૂ જેવાં વન્ય પ્રાણીઓ હવે માનવ વસ્તીમાં ગામે ત્યારે ઘુસી આવી માનવીઓ અથવા તો પાલતુ પ્રાણીઓ ઉપર હુમલાઓ કરવાનાં બનાવમાં ભારે વધારો જોવાં મળ્યો છે. ત્યારે ત્રણે’ક દિવસ પહેલાં બગસરાના હામાપુર ગામે એક બાળકને સિંહે ફાડી ખાધાની ઘટનાના પડઘા હજુ સમ્યા ન હતાં. બીજા દિવસે વહેલી સવારે વન વિભાગે એક સિંહ પરિવારને પીંજરે પુર્યો હતો. ત્યારે તે જ દિવસે સવારે ખાંભા તાલુકાના

અનુસંધાન પાના ૬ ઉપર


બેસણું (ખીરાજે અકીદત)



મર્હૂમ બતુલબેન રફીકભાઈ સૈયદ
મર્હૂમ તા.૨૪/૧૧/૨૦૨૫ : સોમવાર
અમારા બહેન બતુલબેન રફીકભાઈ સૈયદનું અવસાન (જન્નત નસીબ) થયેલ છે. પરવર દીગાર મર્હૂમની મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદોશમાં આલા મકામ અતા ફરમાવે...... આમીન.....
મર્હૂમનું બેસણું (ખીરાજે અકીદત)
તારીખ : ૨૯-૧૧-૨૦૨૫, શનિવારના રોજ
સમય : સાંજે ૪ : ૦૦ થી ૬ : ૦૦ કલાકે
સ્થળ : પોરાવાડ, ગુજરાત મેડીકલ સ્ટોરવાળી ગલી,કાશ્મીર પાનની બાજુમાં, અમરેલી
મર્હૂમનું બેસણું/ખીરાજે અકીદત, અમરેલી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લી. મુઝફ્ફરહુસૈન જે. સૈયદ (એડવોકેટ)
મો. ૯૮૨૪૨ ૯૩૭૯૯
ફરજંદઅલી જે. સૈયદ (અમરેલી)



શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)